
19-6-2000



"તું પરમાત્મા છો એમ નક્કી કર! તું પરમાત્મા છો એમ નક્કી કર! ઓહોહો !! ભગવાન ! પણ તમે પરમાત્મા છો એટલું તો નક્કી કરવા દ્યો !—કે એ પરમાત્મા અમે છીએ એ નક્કી ક્યારે થશે ?–કે તું પરમાત્મા છો એવો અનુભવ થશે ત્યારે પછી આ પરમાત્મા છે એવો વ્યવહાર તને નક્કી થશે. નિશ્ચય નક્કી થયા વિના વ્યવહારનું નક્કી થશે નહિ."

*—જ્ઞાનવૈભવવિભૂષિત પૂજ્ય ગુરુદેવ*


કહાન સં. ૨૦ સં. ૨૦૫૬ [૬૮૦] * આત્મધર્મ * [અંક-૧૨ વર્ષ-૫૬] વીર સં. ૨૫૨૬ જૂન-૨૦૦૦

# આગમ–મહાસાગરનાં અણમૂલાં રત્નો

❀ આત્માકો આત્માસે જાననેમેં યહાં કૌન સા ફલ નહીં મિલતા ? ઔર તો ક્યા ઇસસે કેવલજ્ઞાન ભી હો જાતા હૈ ઔર જીવકો શાશ્વત સુખકી પ્રાપ્તિ હોતી હૈ. ૬૨૭. *(શ્રી યોગીન્દ્રદેવ, શ્રી યોગસાર, ગાથા–૬૨)*

❀ જિસકે જાનનેસે કર્મ-કલંક દૂર હો જાતે હૈં, વહ આત્મા શરીરમેં નિવાસ કરતા હુઆ ભી દેહરૂપ નહીં હોતા, ઉસકો તૂ અચ્છી તરહ પહચાન ઔર દૂસરે અનેક પ્રપંચોકો તો જાનતા હૈ, અપને સ્વરૂપકી તરફ ક્યોં નહીં દેખતા ? વહ નિજસ્વરૂપ હી ઉપાદેય હૈ, અન્ય કોઈ નહીં હૈ. ૬૨૮.

*(શ્રી યોગીન્દ્રદેવ, શ્રી પરમાત્મપ્રકાશ, અધિ.–૧, ગાથા–૨૭)*

❀ જ્ઞાની કર્મને કરતો નથી તેમ જ વેદતો નથી, કર્મના સ્વભાવને તે કેવળ જાણે જ છે. એમ કેવળ જાણતો થકો કરણના અને વેદનના (—કરવાના અને ભોગવવાના) અભાવને લીધે શુદ્ધ સ્વભાવમાં નિશ્ચળ એવો તે ખરેખર મુક્ત જ છે. ૬૨૯.

*(શ્રી અમૃતચંદ્રાચાર્ય, શ્રી સમયસાર–ટીકા, કળશ–૧૯૮)*

❀ જીવના પોતાના ગુણ કયા કયા છે ?—કેવળજ્ઞાન, કેવળદૃષ્ટિ અમિતવીર્ય અને અનંતસુખ તે જીવના ગુણો છે. એની પાસે શાસ્ત્રના શ્રવણ-મનન આદિથી થયેલું જ્ઞાન તે તો સરોવરમાં પડેલા ઝાકળબિંદુ જેવું (નગણ્ય) છે. ૬૩૦. *(શ્રી નેમીશ્વર-વચનામૃત શતક, શ્લોક–૧૨)*

❀ જે મુક્તિસામ્રાજ્યનું મૂળ છે એવા આ નિરુપમ, સહજ પરમાનંદવાળા ચિદ્રૂપને (—ચૈતન્યના સ્વરૂપને) એકને ડાહ્યા પુરુષોએ સમ્યક્ પ્રકારે ગ્રહવું યોગ્ય છે; તેથી, હે મિત્ર ! તું પણ મારા ઉપદેશના સારને સાંભળીને, તુરત જ ઉગ્રપણે આ ચૈતન્યચમત્કારમાત્ર પ્રત્યે તારું વલણ કર. ૬૩૧.

*(શ્રી પદ્મપ્રભમલધારીદેવ, શ્રી નિયમસાર–ટીકા, શ્લોક–૧૩૩)*

❀ જ્યાં સુધી આ આત્માને જ્ઞાનાવરણાદિ દ્રવ્યકર્મ, ભાવકર્મ અને શરીર આદિ નોકર્મમાં 'આ હું છું' અને હું માં (–આત્મામાં) 'આ કર્મ–નોકર્મ છે'—એવી બુદ્ધિ છે, ત્યાં સુધી આ આત્મા અપ્રતિબુદ્ધ છે. ૬૩૨.

*(શ્રી કુંદકુંદાચાર્યદેવ, શ્રી સમયસાર, ગાથા–૧૯)*

*

કહાન
સંવત-૨૦
વર્ષ-૫૬
અંક-૧૨
[૬૮૦]

# આત્મધર્મ

વીર
સંવત
૨૫૨૬
સં. ૨૦૫૬
June ~~MAY~~
A.D. 2000

શાશ્વત સુખનો માર્ગ દર્શાવતું માસિક પત્ર

## "સમભાવ" સર્વ શાસ્ત્રના દોહનનો સાર છે

(શ્રી પરમાત્મપ્રકાશ શાસ્ત્ર ઉપર પરમપૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન)

(સળંગ પ્રવચન નં. ૮૭)

શ્રી પરમાત્મપ્રકાશ શાસ્ત્રમાં આ બીજો અધિકાર ચાલે છે. અભેદરત્નત્રયની મુખ્યતાથી આઠ દોહા-સૂત્રમાં અંતરસ્થલ પૂરો થયો. હવે, ચૌદ દોહામાં પરમ ઉપશમભાવની મુખ્યતાથી વ્યાખ્યાન કરે છે. સામ્યભાવ કહો, ઉપશમભાવ કહો કે વીતરાગભાવ કહો–બધું એક જ છે. પૂર્વે

कम्मु पुरक्किउ सो खवइ अहिणव पेसु ण देइ ।
संगु मुएविणु जो सयलु उवसम-भाउ करेइ ।।३६।।

મુનિની મુખ્યતાથી આ કથન છે.

અર્થ :–તે વીતરાગ સ્વસંવેદનજ્ઞાની પૂર્વ ઉપાર્જિત કર્મોનો ક્ષય કરે છે અને નવાકર્મોનો પ્રવેશ થવા દેતાં નથી. તેઓ બાહ્ય અને અભ્યંતર સર્વ પરિગ્રહને છોડી પરમ શાંતભાવને કરે છે અર્થાત્ જીવન, મરણ, લાભ, અલાભ, સુખ, દુઃખ, શત્રુ, મિત્ર, તૃણ, કંચન ઈત્યાદિ વસ્તુઓમાં એકસરખા પરિણામ રાખે છે.

આત્મા જ્ઞાનાનંદસ્વરૂપ છે, તેનું વેદન કરે છે તે સ્વસંવેદન જ્ઞાની છે. આવા જ્ઞાનીને વીતરાગભાવને કારણે પૂર્વે બાંધેલા કર્મ ક્ષય થઈ જાય છે અને નવા કર્મ બંધાતા નથી, તેને વ્યવહારથી જ્ઞાનીએ કર્મ ખપાવ્યા એમ કહેવાય છે. આત્માનું સ્વરૂપ જ વીતરાગ અકષાય, સમભાવસ્વરૂપ છે, તેની દૃષ્ટિ, જ્ઞાન અને તે-રૂપ પરિણમન થયું છે એવા જ્ઞાનીને નવા કર્મ બંધાતા નથી અને જૂના કર્મ ખરી જાય છે.

જેને અભ્યંતર વિકારરૂપ પરિગ્રહ છૂટે છે તેને બાહ્ય પરિગ્રહ પણ છૂટી જાય છે, તેણે બાહ્ય પરિગ્રહ છોડ્યો એમ કહેવાય છે. મુનિરાજ બાહ્ય—અભ્યંતર પરિગ્રહને છોડીને પરમ શાંતભાવને ધારણ કરે છે—સમતાભાવને પ્રાપ્ત થાય છે. તેથી મુનિને જીવન હો કે મરણ હો બંનેમાં સમતા વર્તે છે. જીવન ઠીક છે અને મરણ અઠીક છે એવી જીવન અને મરણમાં મુનિને અધિકતા કે ઓછાઈ ભાસતી નથી. બંને એક સમાન લાગે છે.

જ્ઞાની-મુનિ-ધર્મીને પોતાના વીતરાગસ્વભાવની દૃષ્ટિ અને જ્ઞાન છે તથા વીતરાગસ્વભાવમાં લીનતા છે તેથી બાહ્ય સંયોગોથી લાભ કે અલાભ કાંઈ લાગતું નથી. એ તો પોતાના વીતરાગસ્વભાવના ઢાળામાં ઢળી ગયા છે અને અતીન્દ્રિય અમૃતરસને પીએ છે. તેને બહારના લાભ કે અલાભ સાથે કાંઈ સંબંધ નથી. સુખ કે દુઃખ અર્થાત્ અનુકૂળ કે પ્રતિકૂળ સંયોગો મુનિને માત્ર જ્ઞેય છે. મુનિની દૃષ્ટિ જ્ઞાનસ્વરૂપમાં છે, જ્ઞાનસ્વરૂપનું જ્ઞાન છે અને જ્ઞાનસ્વરૂપમાં સમતાની પરિણતિ છે.

માથાનો કાપનાર એવો શત્રુ હો કે મિત્ર હો તે બંને મુનિની દૃષ્ટિમાં સમાન છે. શત્રુ પ્રત્યે દ્વેષનો ભાવ નથી અને મિત્ર પ્રત્યે રાગનો ભાવ નથી. આવી મુનિની ઉપશમભાવમય દશા હોય છે. આગળ સામાયિકની વાત આવશે. આવી સમતા તે સામાયિક છે. મુનિને તૃણ હો કે કંચન એટલે સોનું હો—બંને સમાન છે. અજ્ઞાનીની તો માન્યતા જ એવી છે કે તૃણ કાંઈ કામનું નથી અને સોનું તો બહુ કામનું છે એવી માન્યતાને કારણે તેને બંનેમાં ભેદ જણાય છે. અજ્ઞાનીને પણ સોનું તેના આત્માને કાંઈ કામમાં આવતું નથી પણ, આ મને કામમાં આવે છે એવી માન્યતા છે ત્યાં સુધી મિથ્યાત્વભાવ છે અને મિથ્યાત્વ છૂટ્યા પછી અસ્થિરતાવશ આ મને કામનું છે એવો વિકલ્પ આવે છે પણ અહીં તો મિથ્યાત્વ અને ચારિત્ર બંને દોષોના ત્યાગની વાત છે. મુનિને જ્ઞાતાપણાનું પરિણમન થઈ ગયું છે તેથી બાહ્ય દરેક ચીજમાં સમભાવ વર્તે છે.

વીતરાગપરિણમન એ આખા શાસ્ત્રના દોહનનો સાર છે.

ભાવાર્થ :—જે મુનિરાજ સકલ પરિગ્રહને છોડીને, સર્વ શાસ્ત્રોનું રહસ્ય જાણીને, વીતરાગ પરમાનંદ એક સુખરસના આસ્વાદી થયા થકા સમભાવ કરે છે તે સાધુ પૂર્વના કર્મનો ક્ષય કરે છે અને નવીન કર્મોને રોકે છે.

મુનિરાજને આનંદ સ્વભાવની દૃષ્ટિ અને તેમાં લીનતા થઈ છે અને આકુળતા અને આકુળતાના નિમિત્તો છૂટી ગયા છે. તેથી વીતરાગે કહેલા સર્વ શાસ્ત્રોના રહસ્યભૂત

વીતરાગી દૃષ્ટિ, વીતરાગી જ્ઞાન અને વીતરાગી સ્થિરતાને પ્રાપ્ત થયા છે. સર્વ શાસ્ત્રોમાં એ જ તાત્પર્ય છે કે જ્ઞાયકની દૃષ્ટિ કર ! જ્ઞાન પણ જ્ઞાયકનું કર અને સ્થિરતા પણ જ્ઞાયકમાં કર ! આ ત્રણેયમાં વીતરાગતા જ છે, એ જ સર્વ શાસ્ત્રોનો સાર છે. રાગ રાખવો કે રાગથી લાભ થાય એવું કથન શાસ્ત્રમાં ક્યાંય આવતું નથી. વ્યવહાર-સમકિત, વ્યવહારજ્ઞાન અને વ્યવહારચારિત્રથી પુણ્ય થાય એમ શાસ્ત્રો કહે છે.

નિમિત્ત, સંયોગ અને રાગની ઉપેક્ષા કરીને આત્માની દૃષ્ટિ કર ! નિમિત્ત અને સંયોગીભાવને છોડીને સ્થિરતા કર ! અને નિમિત્ત અને સંયોગનું લક્ષ છોડીને આત્માનું લક્ષ કર ! આ દરેક શાસ્ત્રમાં કહેવાનું તાત્પર્ય છે. અમૃત આનંદ સ્વરૂપ આત્માની દૃષ્ટિ, જ્ઞાન અને સ્થિરતા કરવી તે શાસ્ત્રનું તાત્પર્ય છે અને તેના ફળમાં વીતરાગતા છે—સામ્યભાવ છે. સામ્યભાવ સમજાવવા માટે ટીકાઓ કરવામાં આવી છે.

આમ, 'નિમિત્ત અને સંયોગની ઉપેક્ષા કરવી અને સ્વભાવની અપેક્ષા કરવી' આમાં દૃષ્ટિ, જ્ઞાન અને ચારિત્ર ત્રણેય આવી જાય છે. આવા શાસ્ત્રોનાં રહસ્યને જાણતાં મુનિરાજ વીતરાગ પરમાનંદ એક સુખરસના આસ્વાદી થયા થકાં સમભાવ કરે છે. વિકલ્પોના અનેક પ્રકાર છે તે બધામાં દુઃખ જ છે જ્યારે સુખનો એક જ પ્રકાર છે. એ સુખરસ-આત્માનંદરસનો આસ્વાદ કરતાં-અતીન્દ્રિય આનંદને સેવતાં મુનિ વીતરાગભાવે પરિણમે છે. કારણ કે અતીન્દ્રિય આનંદનો સ્વાદ જ એવો છે કે સમભાવ-વીતરાગભાવ થઈ જાય છે.

આત્મા એટલે અતીન્દ્રિયજ્ઞાન અને આનંદની મૂર્તિ. આવા આત્માને જેણે દૃષ્ટિ અને જ્ઞાનમાં લઈને તેનો સ્વાદ લીધો તે અતીન્દ્રિય આનંદમાં તૃપ્ત તૃપ્ત થઈ જાય છે. કોઈ માણસ ખાઈ-પીને કોઈ જાતની ચિંતા વગર તૃપ્ત થઈને બેઠો હોય તેમ, અતીન્દ્રિય આનંદમાં તૃપ્ત થયેલા મુનિને સમભાવ થઈ જાય છે. આવી સમભાવની દશાને મુનિપણું અથવા ચારિત્રદશા કહેવાય છે. આવી દશાના ધારક સાધુને સાધુ કહેવામાં આવે છે.

મારા સ્વરૂપમાં જ આનંદ છે એવી દૃષ્ટિ થવી તેનું નામ સમ્યગ્દર્શન છે. આવી સમ્યગ્દૃષ્ટિ જેને થઈ તે હવે શુભાશુભ વિકલ્પમાં કે સંયોગમાં આનંદ માનતો નથી.

આત્મામાં જ આનંદ છે, આકુળતા છે તે મારાથી પર છે એમ આનંદ અને આકુળતાનું ભેદજ્ઞાન થવું તે સમ્યક્જ્ઞાન છે.

આ તો પરમાત્મપ્રકાશ છે ને ! પરમાત્મા પોતે જ આનંદમૂર્તિ છે તેમાં નજર

નાખવાથી નિધાનનો વિકાસ થાય છે–નિધાન ખૂલવા લાગે છે. આ નિધાનમાં વિકલ્પ હોતો નથી, સમભાવ હોય છે. આવા સમભાવી સંતને ચારિત્રવંત–મુનિ કહેવાય છે.

ટીકામાં સમભાવ કરોતિ। એમ શબ્દ વાપર્યો છે એટલે કે મુનિ પુરુષાર્થથી સમભાવ કરે છે. પ્રથમ તો એવી સમ્યક્ દૃષ્ટિ પ્રગટ થઈ છે કે મારામાં જ આનંદ છે, વિકલ્પમાં કે સ્ત્રી, પુત્ર, ધનાદિમાં આનંદ નથી. એવી દૃષ્ટિની સાથે જ સમભાવી જ્ઞાન પ્રગટ થયું છે કે વિકલ્પાદિમાં આકુળતા છે, આનંદ તો મારામાં જ છે. આવા જ્ઞાન સહિત આનંદમાં ઠરતાં સહેજે સમભાવ થઈ જાય છે. વિકલ્પ થવાનો અવકાશ જ રહેતો નથી. વિષમતા ઊભી જ થતી નથી.

આવો 'સમતાભાવ' એ આખા શાસ્ત્રનો સાર છે. અરે ! ચારેય અનુયોગનો એ સાર છે. બારઅંગનો સાર છે. વીતરાગની દિવ્યધ્વનિનો સાર છે.

આવું જ કથન પદ્મનંદિપંચવિંશતિમાં પણ છે. તેનું તાત્પર્ય એ છે કે આદરથી સમભાવને જ ધારણ કરવો જોઈએ. આત્મા જેવો છે તેની તેવી દૃષ્ટિ, જ્ઞાન અને લીનતા એ સમભાવ છે. વિકલ્પનો આદર નહિ કરતાં, આ સમભાવનો જ આદર કરવાયોગ્ય છે.

ચક્રવર્તી આદિ છ ખંડ અને પદ્મણી જેવી સ્ત્રીઓ છોડીને જંગલમાં શું કરતાં હશે ! કે આ સમભાવના આદરમાં લીન થવા માટે - આનંદમાં તૃપ્ત થવા માટે નીકળી પડ્યા છે.

સમભાવના આદર સિવાય અન્ય વાતોથી શું પ્રયોજન છે ! છઢાળામાં કહ્યું છે–'લાખ બાતકી બાત યહી, નિશ્ચય ઉર લાવો....' શુદ્ધસ્વરૂપની દૃષ્ટિ, શુદ્ધસ્વરૂપનું જ્ઞાન અને શુદ્ધસ્વરૂપમાં લીનતારૂપ સમભાવ જ બાર અંગ અને મોક્ષમાર્ગનો સાર છે. સાથે વ્રત, ભક્તિ, પૂજા આદિ હોય તેનું શાસ્ત્રોમાં જ્ઞાન કરાવ્યું છે પણ મૂળ વસ્તુ તો આ 'સમભાવ' છે.

અજ્ઞાનીને તો બહારથી જ મોટાઈ લેવી છે. હું કામ કરું છું તે આખા કુટુંબને પસંદ પડે છે; વળી નાતવાળાને પણ બધાંને ગમે છે. એથી આગળ વધે તો કહેશે આખું ગામ મારા કામને વખાણે છે. તેથી પણ આગળ વધીને દેશની સેવા હું જ કરું છું. આટલાં લોકો મને માન્ય કરે છે અને આટલાં નથી કરતાં...આટલાં વર્ષોમાં મારી જાહેરાત આખાં દેશમાં તો થઈ ગઈ છે પણ વિદેશમાં બાકી છે એટલી હજી ખામી છે. એમ કરી કરીને બહાર પડવા માંગે છે પણ અરે ! તારે ઊછળીને ક્યાં

પડવું છે ! સંતો તો અંતરમાં પડ્યા છે તેમાં જ સુખને વેદે છે. બહાર પડવાની વાત તો એના સ્વપ્નમાં પણ નથી. બહાર પડવાની કલ્પના પણ ઊઠતી નથી. વીતરાગરસથી ભરપૂર ભંડાર આત્માની દૃષ્ટિ, જ્ઞાન અને લીનતમાં બીજા કોઈની જરૂર પડતી નથી.

'આદરથી સમભાવને ધારણ કરવો જોઈએ...' મારે બહારથી ખસીને અંદર આવવું પડે છે એમ ન હોય, અંદરમાં આવવામાં જ સુખ-શાંતિ છે માટે તેને આદરથી ધારણ કર ! બીજું બધું છોડી દે. બીજામાં કાંઈ સાર નથી. સમભાવ જ સારભૂત હોવાથી આદરવા યોગ્ય છે. વસ્તુનું પરિણમન તો ક્ષણે ક્ષણે બદલતું જ રહે છે. ક્ષણ પહેલાં જીવન અને બીજી ક્ષણે મૃત્યુ જોઈને દુઃખી ન થઈશ. બંનેમાં સમભાવને ધારણ કરજે.

જગતને મરણતણી બીક છે પણ જ્ઞાનીને આનંદની લ્હેર છે....

અંતરમાં સમાવામાં સુખ છે માટે તેનો આદર કર ! બહારમાં ડોકીયા કરવામાં દુઃખ છે માટે તેને છોડી દે ! સમભાવ એ જ જીવનું સ્વરૂપ છે અને તે જ આદરણીય છે. ભગવાન આત્માને યાદ કરીને તેમાં ઠરી જા ! બીજા ભગવાનને યાદ કરવા રહેવા દે, બીજાને યાદ કરવામાં વિકલ્પ ઊઠે છે ત્યાં સમભાવ રહેતો નથી. માટે, હું ભગવાનને યાદ નહિ કરું તો અવિનય થઈ જશે-એમ નથી. વિકલ્પ છૂટશે તો, ખરો વિનય થશે–સ્વભાવમાં સમભાવ થશે. એ જ સત્‌નો આદર છે.

આવો મારગ છે ભાઈ ! કાયરના કાળજા કંપી ઉઠે તેવું છે. ત્રિલોકનાથ તીર્થંકર પરમદેવે આ ફરમાવ્યું છે કે અમારા પ્રત્યેના વિકલ્પનો આદર ન કર ! અમે જ તને તારા સમભાવસ્વરૂપનો આદર કરવાનું શાસ્ત્રો દ્વારા કહીએ છીએ. साम्यमेवादराजदाव्यं। સામ્યભાવનો આદર કરવામાં જ વિનય છે, તેમાં કોઈનો અવિનય થતો નથી. વિકલ્પને ભૂલી, સર્વની અપેક્ષા છોડી, એક માત્ર સમભાવ–સામ્યભાવનો આદર કર ! આ જ આખા શાસ્ત્રનો સાર છે. પોતાના અમૃત આનંદમાં ઠરવું એ જ શાસ્ત્રનું કહેવાનું તાત્પર્ય છે. તે સિવાય લાખ વાતથી કાંઈ પ્રયોજન નથી. સર્વજ્ઞ વીતરાગના કહેલાં સમસ્ત પંથ (સમસ્ત પ્રકારની કથન શૈલી) અને બાર અંગ આ સમભાવરૂપ સૂત્રની જ ટીકા છે. બીજી રીતે કહીએ તો સર્વ શાસ્ત્રનું તાત્પર્ય વીતરાગતા છે. તેનો અર્થ એ કે નિમિત્ત ને નિમિત્તના લક્ષે થતાં ભાવની ઉપેક્ષા કરવી અને આત્માના સિદ્ધ સ્વરૂપની અપેક્ષા કરવી. આ એક જ વાત છે. બાકી બધો તેનો જ વિસ્તાર છે.

પંચાસ્તિકાયની છેલ્લી ૧૭૨ ગાથામાં પણ એ જ કહ્યું છે કે વીતરાગતા જ આખા શાસ્ત્રનું તાત્પર્ય છે. વીતરાગદૃષ્ટિ એટલે પૂર્ણાનંદની નિર્વિકલ્પ પ્રતીતિ, વીતરાગજ્ઞાન એટલે સ્વાશ્રયભાવ અને વીતરાગી સ્થિરતા એટલે વિકલ્પ વિનાની શાંતિનું પરિણમન.

આવા દૃષ્ટિ, જ્ઞાન અને સ્થિરતાના ધારક મુનિ જ મોક્ષના તાત્કાલિક અધિકારી છે.

શરીર અને આત્માનો સંયોગ થાય છે તે છૂટ્યા વિના રહેતો નથી. સંયોગ છૂટે તે કોઈ નવી વાત નથી. તે તો દરેકને છૂટે છે. સંયોગી ભાવથી છૂટે તેની કિંમત છે. સમભાવમાં રહીને સંયોગી ભાવથી છૂટે તેના મરણને પંડિતમરણ કહેવાય છે. જે આત્મા આવો પંડિત થયો તે જરૂર કેવળજ્ઞાનને પામવાનો છે. તેને જનમ–મરણ છૂટી જવાના છે.

સંતોએ જ જીવનને જીવી જાણ્યું છે. સમભાવમાં પરિણમીને સંતો અલૌકિક જીવન જીવે છે. વિકલ્પમાં એકાકાર થઈને જ્ઞાન વળગ્યું હતું તેની જ્યાં દિશા ફરી ત્યાં જાત્યાંતર જ્ઞાન પ્રગટ થઈ ગયું. તેને જીવતાં જ જીવનનો પલટો થઈ ગયો. તેણે જીવનને જીવી જાણ્યું, આત્માને માની જાણ્યો. દુનિયામાં ગમે તે હો... મારામાં દુનિયાનું કાંઈ નથી અને દુનિયામાં મારું કાંઈ નથી. મારું બધું મારામાં ભર્યું પડ્યું છે. દશ પ્રકારના ધર્મ કહો કે દર્શન-જ્ઞાન-ચારિત્રરૂપ ધર્મ કહો... એ બધું સમભાવમાં સમાઈ જાય છે. પ્રવચનસારમા સમભાવને સામ્યભાવ કહીને તેનો અધિકાર કહ્યો છે. સમભાવ કહો, સામ્યભાવ કહો, શુદ્ધભાવ કહો, વીતરાગ પરિણતિ કહો બધું એક જ છે.

કુંદકુંદાદિ સંતો કહે છે કે અમે જે માર્ગે ચડ્યા છીએ તે માર્ગ તમને બતાવીએ છીએ કે આ સામ્યના માર્ગે ચાલ્યા આવો. કુંદકુંદાચાર્યે તો પંચમકાળમાં પરમેશ્વરના વિરહ ભૂલાવે તેવા ગજબ કામ કર્યાં છે. ચારિત્ર કેવું હોય અને કેમ પ્રગટ થાય તેનું સ્વરૂપ અને વિધિ.... બધું બતાવી દીધું છે. અહીં કહેવાનો આશય આ છે કે વિકલ્પ અને નિમિત્ત ઉપરથી દૃષ્ટિ સંકેલીને ચિદાનંદ ભગવાનનો આશ્રય કર ! તેમાં બધું આવી જાય છે. પોતે પરમાત્મસ્વરૂપ છે અને વીતરાગભાવે પરિણમવું એ પરમાત્મા થવાનો ઉપાય છે.

આ ૩૯ ગાથા થઈ. હવે, કહે છે કે જે જીવ સમભાવને કરે છે તેને નિશ્ચયથી સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન, સમ્યક્ચારિત્ર હોય છે, અન્યને હોતાં નથી.

दंसणु णाणु चरित्तु तसु जो सम–भाउ करेइ ।
इयरहँ एक्कु वि अत्थि णवि जिणवरु एउ भणेइ ॥४०॥

અર્થ :—સમ્યગ્દર્શન–જ્ઞાન–ચારિત્ર તેને જ નિશ્ચયથી હોય છે કે જે યતિ સમભાવ કરે છે. બીજા સમભાવરહિત જીવને ત્રણ રત્નમાંથી એકપણ હોતા નથી. આમ જિનેન્દ્રદેવ કહે છે.

જીવને 'સમભાવ'ની ક્રિયાનું માહાત્મ્ય આવતું નથી. દેહથી કાંઈ ક્રિયા કરે, વાણીથી વિસ્તાર કરે તો દુનિયાને કાંઈક ખ્યાલમાં આવે એમ એને બહારની ક્રિયાની મહિમા આવે છે પણ એ તો જડની ક્રિયા છે. તેનાથી ધર્મ કેમ થાય ! અંતરદૃષ્ટિપૂર્વક સમભાવમાં જ સમ્યગ્દર્શનરૂપ ધર્મ હોય છે. વિષમભાવમાં ધર્મ હોઈ શકતો નથી. સમભાવરહિત વિકલ્પાદિ ધર્મ થવાનું માને છે તેને સમ્યક્ત્વાદિ ત્રણ રત્નમાંથી એકપણ રત્ન પ્રગટ થતું નથી.

સમભાવમાં જ ત્રણેય રત્ન છે. સમભાવથી વિરુદ્ધ વિકલ્પાદિમાં એકેય રત્ન નથી. દયા પાળે, વાંચન આપે, પુસ્તક લખે, વ્રતાદિ કરે, એવી ચેષ્ટામાં અને રાગમાં જેની દૃષ્ટિ છે તેને સમ્યગ્દર્શનરત્ન પણ પ્રગટ થતું નથી. સમભાવીને જ સમ્યગ્દર્શન હોય છે, સમભાવીને જ સમ્યગ્જ્ઞાન હોય છે અને સમભાવીને જ સમ્યક્ચારિત્ર હોય છે. બાકી, બહારની ક્રિયામાં જેને 'આ કાંઈક ઠીક છે' એમ મનાય છે તેને સમ્યગ્દર્શન નથી પણ મિથ્યાદર્શન છે.

ભગવાન આત્મા વિકલ્પ વિનાની ચીજ છે તેનું દર્શન-જ્ઞાન અને રમણતા તે રત્નત્રય છે, તેનાથી વિરૂદ્ધ શુભરાગાદિ વિકલ્પો કે દેહની ચેષ્ટામાં કાંઈક લાભ છે–તેનાથી મારું હિત સધાય છે એવા વિષમભાવમાં સમ્યક્ત્વનો લાભ પ્રગટ થતો નથી. ત્રણ રત્નમાંથી એકેય રત્ન પ્રગટ થતું નથી. સમભાવ વિના ચારિત્ર નથી એમ ન કહ્યું પણ સમભાવ વિના એકેય રત્નની પ્રાપ્તિ નથી એમ કહ્યું છે.

ચૈતન્ય નિર્વિકલ્પ વસ્તુ જ સમભાવસ્વરૂપ છે, તેની દૃષ્ટિ તે સમભાવરૂપ સમ્યગ્દર્શન છે, તે સમભાવનું જ્ઞાન જ સમભાવરૂપી સમ્યગ્જ્ઞાન છે અને અંતરમાં સ્થિરતા એ સમભાવરૂપી ચારિત્ર છે. તેનાથી વિરુદ્ધભાવમાં સમ્યગ્દર્શન, જ્ઞાન કે ચારિત્ર એકેય નથી. કારણ કે પરમ શાંત વીતરાગ સ્વભાવને દૃષ્ટિમાં નહિ લેતાં, તે સંયોગમાં અને વિકલ્પમાં જ ઠીકપણું માને છે તેને વિષમભાવ છે, માટે સમ્યક્ભાવ નથી.

વિષમભાવ એટલે રાગભાવ. શુભરાગમાં–'આ મને ઠીક છે' એમ માને છે તેને સમ્યગ્દર્શન નથી, સમ્યગ્જ્ઞાન નથી, સમ્યક્ચારિત્ર નથી. શાસ્ત્રજ્ઞાનને જ્ઞાન માનવું તે પણ વિષમભાવ છે. પોતાનું પરમાત્મસ્વરૂપ વીતરાગ સમરસસ્વરૂપ છે તેની દૃષ્ટિ, જ્ઞાન અને રમણતામાં જ સમભાવ છે તેનાથી વિરૂદ્ધભાવ-શુભભાવ હો તોપણ તે સમભાવ નથી. અનુકૂળ નિમિત્તની વચ્ચે સમવસરણમાં બેઠો હોય કે ભગવાનની પ્રતિમાની સામે મંદિરમાં બેઠો હોય પણ નિમિત્ત ઉપર દૃષ્ટિ છે તેને વિષમભાવ છે, સ્વભાવ સન્મુખનો ભાવ નથી. તેમાં હિત માનનારને મિથ્યાત્વ છે, સમ્યગ્દર્શન નથી.

આ તો વીતરાગના દરબારની વાતો છે બાપુ !

एक्क वि अत्थि–જ્યાં સમભાવ નથી ત્યાં ત્રણમાંથી એકેય રત્ન નથી. સામ્યભાવ જ એક સારભૂત છે. તેનાથી વિરૂદ્ધ એવા વિકલ્પમાં ઠીક માને છે તેને દર્શન, જ્ઞાન, ચારિત્ર ત્રણેય નથી. શુભરાગ અને તેની બાહ્ય ચેષ્ટાઓમાં ધર્મ થવાનું માને છે તેને સાચું જ્ઞાન જ નથી તો શ્રદ્ધા અને ચારિત્ર તો સાચાં ક્યાંથી હોય ! આત્મસ્વભાવમાં વિકલ્પનો અભાવ છે એવા નિર્વિકલ્પતત્ત્વને તો જાણતો નથી અને વિકલ્પને ભલો માને છે તને સમ્યક્ દર્શન-જ્ઞાન-ચારિત્રરૂપ ત્રણ રત્નમાંથી એકેય રત્નની પ્રાપ્તિ નથી. जिणवरु एउ भणेइ। આમ જિનેન્દ્રદેવ કહે છે. *[ક્રમશઃ]*

## * આત્મા સર્વજ્ઞ સ્વભાવી છે *

ભગવાન સર્વજ્ઞના કેવળજ્ઞાનમાં ત્રણકાળ ત્રણલોકના પર્યાયો પ્રત્યક્ષ જણાય છે. જેમ કેવળજ્ઞાનમાં ત્રણકાળના પર્યાયો જણાય છે તેમ જ પદાર્થોમાં ક્રમબદ્ધપર્યાયો થાય છે, કેવળજ્ઞાને જાણ્યું માટે નહિ પણ પદાર્થોના પર્યાયો પોતાથી સ્વકાળે તે જ રીતે થાય છે અને તેમ સર્વજ્ઞ જાણે છે. આહાહા ! પરદ્રવ્યને કરવાની તો વાત નથી પણ પોતાના અશુદ્ધ ને શુદ્ધ પર્યાયો સ્વકાળે ક્રમબદ્ધ જે થવાના તે જ થાય એટલે પોતામાં પણ પર્યાયને આડી-અવળી કરવાનું જ રહ્યું નહિ. માત્ર જેમ થાય છે તેમ જાણવાનું જ રહ્યું. જેમ સર્વજ્ઞ જ્ઞાતા છે તેમ ધર્મી પણ જ્ઞાતા થઈ ગયો. ક્રમબદ્ધના નિર્ણયનું તાત્પર્ય અકર્તાપણારૂપ વીતરાગતા છે. એ વીતરાગતા અનંત પુરુષાર્થે દ્રવ્ય ઉપર દૃષ્ટિ જતાં થાય છે. આહાહા ! આત્મા સર્વજ્ઞ સ્વભાવી છે.

—*પુરુષાર્થપ્રેરણામૂર્તિ પૂજ્ય ગુરુદેવ*

*

# જ્ઞાનીની અટપટી દશા

(શ્રી નાટક સમયસાર શાસ્ત્ર ઉપર પરમ પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન)

(સળંગ પ્રવચન નં. ૭૬)

શ્રી નાટક સમયસારનો આ નિર્જરા અધિકાર છે.

જ્ઞાનીની પરિણતિ એવી છે કે ઈન્દ્રિયોના વિષયો ભોગવતો હોય છતાં કર્મની ઝટાઝટી છે–જ્ઞાનીને કર્મ ખરતું જાય છે. અતીન્દ્રિય જ્ઞાનના આનંદની જાગૃતિ થઈ ગઈ છે તેની પાસે જ્ઞાનીને બધી ક્રિયાઓ પરપણે જણાય છે. તે પોતાના જ્ઞાનની સ્વાવલંબીદશાનું પરિણામ છે. જ્ઞાની બોલે છતાં મૌન છે, ચાલે છતાં સ્થિર છે અને વિષયની વાસના હોય છતાં શાંતિ અને સમાધિ વર્તે છે.

આવા 'જ્ઞાનની મહિમા'નું ૨૫મુ પદ્ય કહે છે.

ग्यान उदै जिन्हके घट अंतर,
जोति जगी मति होत न मैली ।
बाहिज दिष्टि मिटी जिन्हके हिय,
आतमध्यान कला विधि फैली ॥
जे जड चेतन भिन्न लखैं,
सुविवेक लियैं परखै गुन–थैली ।
ते जगमैं परमारथ जानि,
गहैं रुचि मानि अध्यातम सैली ॥२५॥

આ નિર્જરા અધિકાર છે ને ! જ્ઞાનકળાની મહિમા બતાવે છે. સમ્યગ્જ્ઞાનની દશા જાગૃત થઈ છે એટલે કે સ્વસન્મુખતાથી સ્વસત્તાવલંબી જ્ઞાન પ્રગટ થયું છે તેની મહિમા છે. પરલક્ષી શાસ્ત્રજ્ઞાનની મહિમા નથી.

અર્થ :–જેમના અંતરમાં સમ્યગ્જ્ઞાનનો ઉદય થયો છે. જેમની આત્મજ્યોતિ જાગૃત થઈ છે અને બુદ્ધિ નિર્મળ રહે છે, જેમને શરીર આદિમાંથી આત્મબુદ્ધિ ખસી ગઈ છે, જે આત્મધ્યાનમાં નિપુણ છે, તેઓ જડ અને ચૈતન્યના ગુણોની પરીક્ષા કરીને તેમને જુદા જુદા માને છે અને મોક્ષમાર્ગને સારી રીતે સમજીને રુચિપૂર્વક આત્મઅનુભવ કરેછે.

ग्यान उदै....मति होत न मैली। જે સમ્યગ્જ્ઞાનનો ઉદય થયો છે તેમાં વિકલ્પથી

માંડીને બધાં પરિગ્રહનો અભાવ છે તેથી તેની મતિમાં મેલપ આવતી નથી.

बाहिज दिष्टि मिटी....વિકલ્પથી માંડીને એક સમયની અવસ્થાની દૃષ્ટિ પણ જેને રહી નથી અને આત્મામાં જ એકાગ્રતારૂપ ધ્યાનની કળા જાગૃત થઈ છે. અંતરદૃષ્ટિમાં જ એકાગ્રતાની કળા ખીલે છે.

जे जड चेतन भिन्न लखैं....હું જ્ઞાયકસ્વરૂપ છું અને વિકલ્પથી માંડીને કર્મ, શરીર આદિ બધું જડ-અચેતન છે એમ સ્વ-પરને ભિન્ન જાણે છે. અંતરમાં એવો સુવિવેક પ્રગટ થયો છે કે સ્વને સ્વરૂપે અને પરને પરરૂપે ભિન્ન ભિન્ન જાણે છે. ગુણોની થેલી એવા આત્માને પોતાની પરીક્ષાશક્તિથી ઓળખી કાઢે છે અને તેમાં એકાગ્ર થાય છે તેવા જીવને જ નિર્જરા થાય છે કારણ કે આવા જ્ઞાની જ મોક્ષમાર્ગને યથાર્થપણે સમજી રુચિપૂર્વક નિજ આત્માનો અનુભવ કરે છે.

હવે ૧૧મા કળશ ઉપર ૨૬મુ પદ્ય કહે છે.

बहुविधि क्रिया कलेससौं, सिवपद लहै न कोइ ।
ग्यानकला परकाशसौं, सहज मोखपद होई ॥२६॥

અર્થ :—અનેક પ્રકારની બાહ્ય ક્રિયાઓના કલેશથી કોઈ મોક્ષ પામી શકતું નથી અને સમ્યગ્જ્ઞાન પ્રગટ થતાં ક્લેશ વિના જ મોક્ષપદની પ્રાપ્તિ થાય છે.

ઉપવાસ, અનશન, ઉણોદરી... ઈત્યાદિ મહાવ્રત અને ત્યાગના ભાવની અનેક પ્રકારની ક્રિયા તો વિકલ્પરૂપ હોવાથી કલેશમય છે. તેનાથી કોઈનો મોક્ષ થતો નથી. મોક્ષ તો આનંદસ્વરૂપ છે તેની પ્રાપ્તિ કલેશ વડે કદી થાય નહિ. અંતરમાં ચૈતન્યકળાનો પ્રકાશ થાય તેનાથી મોક્ષની પ્રાપ્તિ સહજ થાય છે. આત્મા સહજ ચૈતન્યસ્વરૂપ મૂર્તિ છે, તેમાં એકાગ્રતા કરવાથી જ સ્વાભાવિકપણે મોક્ષપદની પ્રાપ્તિ થાય છે. મોક્ષની પ્રાપ્તિ માટે કાંઈક ઉપસર્ગ કે પરિષહાદિ સહન કરે તો મોક્ષ થાય—એવું નથી. કોઈ પ્રકારના કલેશ વિના અંતર એકાગ્રતાથી સહજપણે મોક્ષ પ્રાપ્તિ થાય છે.

ग्यानकला घट घट बसै, जोग जुगतिके पार ।
निज निज कला उदोत करि, मुकत होइ संसार ॥२७॥

અર્થ :—જ્ઞાનજ્યોતિ સમસ્ત જીવોના અંતરંગમાં રહે છે, તે મન, વચન, કાય અને યુક્તિથી અગમ્ય છે. હે ભવ્યો ! પોતપોતાની જ્ઞાનજ્યોતિ પ્રગટ કરીને સંસારથી મુક્ત થાઓ.

દરેક શરીરમાં જુદાં જુદાં ભગવાન વસે છે. એ ભગવાનનું સ્વરૂપ જ ચૈતન્યમય

છે, તે જોગ અને મુક્તિ એટલે મન-વચન-કાયાના યોગ અને યુક્તિથી પાર છે. યુક્તિ એટલે વિકલ્પથી પાર છે. આવા નિજ આત્માને હે ભવ્યો ! તમે જ્ઞાનજ્યોતિ વડે પ્રગટ કરો અને સંસારથી મુક્ત થાઓ. દરેક જીવને પોત પોતાની નિજાલંબી કળાથી તેની પ્રાપ્તિ થાય છે.

તે જ્ઞાનકળા કઈ છે ?–કે નિર્વિકલ્પ શ્રદ્ધા, નિર્વિકલ્પ જ્ઞાન અને નિર્વિકલ્પ સ્થિરતા એ બધી જ્ઞાનકળા છે. તેમાં રાગકળાનો અભાવ છે. આવી જ્ઞાનકળાથી મોક્ષની પ્રાપ્તિ થાય છે, કોઈ ક્રિયાકાંડથી થતી નથી. અખંડાનંદ નિજપ્રભુનો આશ્રય લઈને જે દશા પ્રગટ થાય તે દશા મુક્તિનું કારણ છે. બહારના લક્ષે જેટલા ક્રિયાકાંડ છે તે બધાં બંધના કારણ છે, તેનાથી મુક્તિ થતી નથી.

હવે ૧૨મા શ્લોકમાં અમૃતચંદ્રાચાર્યદેવ કહે છે કે આત્મા તો અચિંત્ય શક્તિવાળો દેવ છે, ચિન્માત્ર ચિંતામણિ છે, તેનાથી જ સર્વ અર્થની સિદ્ધિ થાય છે માટે જ્ઞાનીને અન્ય પરિગ્રહનું શું પ્રયોજન છે ?

આ કળશ ઉપર બનારસીદાસજી નીચે પ્રમાણે પદ્યમાં અનુભવની પ્રસંશા કરે છે કે—

अनुभव चिंतामनि रतन, जाके हिय परगास ।
सो पुनीत सिवपद लहै, दहै चतुरगतिवास ॥
दहै चतुरगतिवास, आस धरि क्रिया न मंडै ।
नूतन बंध निरोध, पूब्बकृत कर्म विहंडै ॥
ताके न गनु विकार, न गनु बहु भार न गनु भव ।
जाके हिरदै मांहि, रतन चिंतामनि अनुभव ॥२८॥

અર્થ :—અનુભવરૂપ ચિંતામણિનો પ્રકાશ જેના હૃદયમાં થઈ જાય છે તે પવિત્ર આત્મા ચતુર્ગતિ ભ્રમણરૂપ સંસારનો નાશ કરીને મોક્ષપદ પામે છે. તેનું આચરણ ઈચ્છારહિત હોય છે, તે કર્મોનો સંવર અને પૂર્વકૃત કર્મોની નિર્જરા કરે છે. તે અનુભવી જીવને રાગ-દ્વેષ, પરિગ્રહનો ભાર અને ભાવી જન્મ કાંઈ ગણતરીમાં નથી અર્થાત્ અલ્પકાળમાં જ તે સિદ્ધપદ પામશે.

અનુભવની પ્રસંશા :—આત્મા નિર્વિકલ્પ વીતરાગસ્વભાવ છે તેને અનુસરીને જે દશા થાય છે તે 'અનુભવ' છે. આ અનુભવ મુક્તિનું કારણ છે. કોઈના હાથમાં દેવ-અધિષ્ઠિત ચિંતામણિરત્ન આવ્યું હોય તો તે જે ઇચ્છે તે બધી વસ્તુ તેને પ્રાપ્ત

થાય. તેમ, 'અનુભવ' એ આત્માનું એવું ચિંતામણિરત્ન છે કે તેનાથી ધારે તેટલી આનંદની પ્રાપ્તિ જીવ કરી શકે છે. જેટલો અનુભવ કરે તેટલી આનંદની પ્રાપ્તિ થાય. વીતરાગદશાનો અનુભવ એ ચિંતામણિરત્ન છે.

આ પવિત્રરત્ન પ્રાપ્ત કરીને જ્ઞાની જીવ શું કરે છે? કે શિવપદને લહૈ છે અને ચતુરગતિવાસને દહે છે. અનુભવથી મુક્તિની પ્રાપ્તિ થાય છે, બાકી વ્રત, તપ, ભક્તિ આદિ ક્રિયાકાંડથી મુક્તિ થતી નથી. પણ અત્યારે તો બધાં સંપ્રદાયમાં એ જ વાત છે કે ઉપવાસ કરો, પૌષધ કરો, તપ કરો....તમારી મુક્તિ થઈ જશે. પણ એમ કોઈની મુક્તિ થવાની નથી. એ તો અનાદિથી જે કરતો આવ્યો છે તેની જ વાત છે, તેનું ફળ સંસાર છે.

अनुभव चिंतामनि रतन–જેમાં મહાવ્રતાદિના વિકલ્પનો પણ અભાવ છે અને આનંદની દશાના અનુભવની હયાતિ છે એવું ચિંતામણિરત્ન જેના હૃદયમાં પ્રકાશી રહ્યું છે તે પવિત્ર આત્મા મોક્ષપદને પ્રાપ્ત કરે છે.

ધર્મીજીવ પોતાના આનંદસ્વરૂપનો અનુભવ કરે છે પણ કોઈ પ્રકારની ઇચ્છા રાખીને ક્રિયા કરતો નથી. વ્રત-તપાદિના ભાવ આવી જાય અને તેનું પાલન કરે એ જુદી વાત છે પણ, ઈચ્છાપૂર્વક વ્રતાદિ કરતાં નથી. આ રાગ કરવા જેવો છે એમ માનીને રાગની ક્રિયા કરતાં નથી. એ તો સ્વરૂપમાં સ્થિરતારૂપ ક્રિયાને કરે છે.

શુદ્ધ આત્માના અનુભવની દશાથી ધર્મીજીવને નવા કર્મ આવતાં અટકી જાય છે અને જૂના કર્મ ખરી જાય છે. આમ, સંવર–નિર્જરાની ક્રિયા એ ધર્મીની ધર્મ ક્રિયા છે.

ताके न गनु विकार–ધર્મીને વિકાર થાય છે તે ભિન્ન રહી જાય છે. અનુભવમાં વિકાર આવતો નથી. ધર્મી વિકાર અને વ્યવહારથી મુક્ત છે. જે વિકારને ગ્રહે તે તો મિથ્યાદૃષ્ટિ છે. ધર્મી તો છખંડના રાજને સાધતો હોય તોપણ એ તો અખંડ આત્માને સાધે છે. છખંડના રાજનો કે વિકારનો બોજો ધર્મી રાખતાં નથી. જ્યાં વિકલ્પ મારા નથી ત્યાં રાજ્ય મારું ક્યાંથી હોય! સમ્યગ્દૃષ્ટિ ધર્મીને રાગ-દ્વેષાદિ વિકલ્પ છે જ નહિ. પરિગ્રહનો ભર ધર્મી ઉપાડતો જ નથી. ધર્મી પાસે તો બસ–અબંધ શુદ્ધ દ્રવ્ય, અબંધ ગુણ અને અબંધ પરિણામ છે.

કોઈ એમ પ્રશ્ન કરે કે આવું સમકિત અત્યારે થઈ શકતું હશે?–હા. સમ્યગ્દર્શન તો ધર્મનો એકડો છે તેના વગર ધર્મ ક્યાંથી હોય! આ કાળે ધર્મ થઈ શકે છે.

સમ્યગ્દૃષ્ટિ વ્યવહારના રાગથી મુક્ત છે. વ્યવહારનો બોજો તેને ન હોય. 'આટલો વ્યવહાર કરવો પડશે.'–એવો ભાવ જ્ઞાનીને હોતો જ નથી. સવાર–સાંજ

પ્રતિક્રમણ કરવા પડે, ત્રણવાર સામાયિક કરવી પડે એવા વિકલ્પનો બોજો જ્ઞાનીને હોતો નથી. માટે અહીં કહ્યું કે, न गनु विकार, न गनु बहु भार–રાગ-દ્વેષના ભારને ધર્મી ઉપાડતાં નથી અને ભવને પણ ગણતરીમાં લેતા નથી. ધર્મીને ભવ જ નથી. સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાનમાં ભવ કેવા? એક-બે ભવ હોય એ જ્ઞાનના જ્ઞેય છે, જ્ઞાની ભવના સ્વામી નથી. જ્યાં આત્મા રાગથી પણ સહિત નથી ત્યાં ભવસહિત ક્યાંથી હોય! પોતે તો જ્ઞાતા-દૃષ્ટા છે. ભવનો ભાવ કે ભવ મારામાં નથી.

શક્રેન્દ્ર એકાવતારી કહેવાય છે ને! ઈન્દ્ર-ઈન્દ્રાણી બંને એક ભવ કરીને મોક્ષમાં જાય છે એમ કહેવાય છે. પણ જ્ઞાનીને તે ભવ માત્ર જ્ઞાનનું જ્ઞેય છે. ધર્મીને જ્ઞાનમાં ભવ નથી. કારણ કે ભવ અને ભવનો ભાવ એ બંને પર છે. તેનાથી ધર્મી આત્મા છૂટો છે.

આ બધી 'અનુભવ' ચિંતામણિરત્નની મહિમા છે. અનુભવ-પ્રાપ્ત જીવ ભલે પશુ હોય તોપણ ભવ અને ભવના ભાવના ભારથી રહિત છે.

અર્થમાં 'અલ્પકાળમાં સિદ્ધપદ પામશે...' એ તો પછી ખુલાસો કર્યો છે. ખરેખર તો ધર્મીને 'હું અખંડ આનંદ અને જ્ઞાનસ્વરૂપ છું' એવો અનુભવ થયો તેમાં ભવ કે ભવના ભાવ કાંઈ દેખાતાં જ નથી. જ્યાં વિકલ્પ જ પર તરીકે ભાસવા લાગ્યાં ત્યાં ભવ પોતાનો ક્યાંથી લાગે! રાગ ' મુક્ત થયો તેને કોનાથી મુક્તિ બાકી રહી છે? એ તો મુક્ત જ છે. જેટલો રાગ બાકી છે તે પ્રમાણે ભવ છે એ તો જ્ઞાનમાં જ્ઞેય તરીકે જાણવાની વાત છે.

આ અનુભવની પ્રસંશા કરી. હવે સમ્યગ્દર્શનની પ્રસંશાનું પદ્ય કહે છે. વાત તો એક જ છે પણ બીજી રીતે કહે છે.

**'સમ્યગ્દર્શનની પ્રસંશા'**

जिन्हके हियेमैं सत्य सूरज उदोत भयौ,
फैली मति किरन मिथ्यात तम नष्ट है ।
जिन्हकी सुदिष्टिमैं न परचै विषमतासौं,
समतासौं प्रीति ममतासौं लष्ट पुष्ट है ॥
जिन्हके कटाक्षमैं सहज मोखपंथ सधै,
मनको निरोध जाके तनकौ न कष्ट है ।
तिन्हके करमकी कलोलै यह है समाधि,
डोलै यह जोगासन बोलै यह मष्ट है ॥२६॥

અર્થ :–જેમના અનુભવમાં સત્ય સૂર્ય પ્રકાશિત થયો છે અને સુબુદ્ધિરૂપ કિરણો ફેલાઈને મિથ્યાત્વનો અંધકાર નષ્ટ કરે છે. જેમને સાચા શ્રદ્ધાનમાં રાગ-દ્વેષ સાથે સંબંધ નથી. સમતા પ્રત્યે જેમને પ્રેમ અને મમતા પ્રત્યે દ્વેષ છે. જેમની દૃષ્ટિ માત્રથી મોક્ષમાર્ગ સધાય છે અને જે કાયક્લેશ આદિ વિના મન આદિ યોગોનો નિગ્રહ કરે છે, તે સમ્યગ્જ્ઞાની જીવોને વિષય-ભોગ પણ સમાધિ છે, હાલવું-ચાલવું એ યોગ અથવા આસન છે અને બોલવું-ચાલવું એ જ મૌનવ્રત છે.

અહા ! જેના અનુભવમાં જ્ઞાનસૂર્ય ભગવાન આત્મા જાગૃત થયો–સત્યસૂર્ય પ્રકાશિત થયો કે જે અનંત ચૈતન્યપ્રકાશમય છે તેનો અનુભવ થતાં મિથ્યાત્વનો અંધકાર તો નાશ પામ્યો અને સુબુદ્ધિના કિરણો ફેલાઈ રહ્યા.

સમકિતી અનુભવી જ્ઞાનીને રાગ સાથે કાંઈ સંબંધ નથી. અશુભરાગ સાથે તો સંબંધ નથી પણ વ્યવહારરત્નત્રયરૂપ રાગ સાથે પણ ધર્મીને કાંઈ સંબંધ નથી. સમ્યક્ શ્રદ્ધા અને અનુભવમાં રાગ સાથે કાંઈ લગાવ નથી. કેમ કે સાચા શ્રદ્ધા-જ્ઞાનને વિષમતા એટલે કે રાગ-દ્વેષ સ્પર્શતા જ નથી. તેથી પોતાના આનંદ અને જ્ઞાનસ્વભાવને વેદતાં ધર્મીને રાગ સાથે કાંઈ પરિચય નથી. 'રાગ મારો છે' એવી મમતા પ્રત્યે ધર્મીને મમતા નથી પણ દ્વેષ છે–વિરોધ છે અને સમતા પ્રત્યે પ્રેમ છે–આદર છે.

આમ તો, ચારિત્ર અપેક્ષાએ ધર્મીને ૧૦મા ગુણસ્થાન સુધી રાગ હોય છે પણ અહીં શ્રદ્ધા-જ્ઞાનની અપેક્ષાએ કથન છે તેથી કહ્યું છે કે ધર્મીને રાગ સાથે કાંઈ નાતો નથી. રાગ સાથે સંબંધ માનનાર તો મિથ્યાદૃષ્ટિ છે, તેને બંધ થાય છે. આત્મા રાગ અને બંધથી સહિત માનવો તે જ ભવનું બીજ છે. ધર્મીને આ ભવબીજનો નાશ થયો છે. તેથી દેવ–ગુરુ કે દેવ–ગુરુ પ્રત્યેનો રાગ મારો છે એવું ધર્મી માનતાં નથી.

અહાહા ! જેની જ્ઞાનની ઉગ્રદશામાં મોક્ષપંથ સહજપણે સધાય છે. કટાક્ષ એટલે ચિંતવન-એકાગ્રતા. જ્ઞાનની ધારાથી–એકાગ્રતાથી મોક્ષપંથ સધાય છે. ક્રિયાના કષ્ટ સહન કરે તો મોક્ષમાર્ગની સાધના થાય એવું નથી. દુઃખ સહન કરવાથી ધર્મ થાય એવો ધર્મનો માર્ગ નથી. ધર્માત્માને જ્ઞાનની એકાગ્રતાના કટાક્ષમાં જ મોક્ષપંથ સધાય છે. તેને કોઈ કષ્ટ અને દુઃખ સહન કરવા પડે એવો માર્ગ નથી. આનંદસ્વરૂપ ભગવાનની પ્રાપ્તિ આનંદથી થાય, દુઃખથી ન થાય.

હું કષ્ટ સહન કરું, ભૂખ-તરસ સહન કરું તો મને ધર્મ થાય એ ભાવ જ મિથ્યાત્વ છે. મને ભૂખ-તરસ લાગે છે અને હું તેને સહન કરું છું એ ભાવમાં નિર્જરા થતી નથી પણ મિથ્યાત્વનો બંધ થાય છે. ધર્મીને તો કાયક્લેશ વિના મનનો નિરોધ

સહજ થઈ જાય છે. સ્વરૂપમાં દૃષ્ટિ અને સ્થિરતા થતાં નિર્વિકલ્પ આનંદ આવતાં કાયકલેશ વિના પણ મનનું રોકાવું સ્વયં થઈ જાય છે. ધર્મીને કર્મનો ઉદય વર્તે છે પણ તેમાં તેને સમાધિ છે, આકુળતા નથી. કારણ કે ધર્મી કર્મના ઉદયનું માત્ર જ્ઞાન કરે છે, પોતાનો માનતાં નથી. રાગને પણ ધર્મી પોતાનો માનતાં નથી. રાગનું માત્ર જ્ઞાન કરે છે અને તે પણ પોતાનો જ્ઞાનસ્વભાવ હોવાથી પોતાને જાણતાં રાગને પણ જાણે છે. રાગ છે માટે રાગનું જ્ઞાન થાય છે—એમ નથી.

ધર્મીને વિષય-ભોગ પણ સમાધિ છે તે કઈ રીતે? કે—વિષય-ભોગમાં કે વિષયભોગની વૃત્તિમાં ધર્મીને એકત્વ નથી તેથી તેનાથી ભિન્ન પડીને તે સંબંધીનું જ્ઞાન પણ પોતાથી કરે છે માટે તેને સમાધિ પણ કહી છે. વિષય-ભોગનો ભાવ તો રાગ જ છે, તે કાંઈ સમાધિ નથી, પણ તે રાગને પૃથક્ રાખીને સ્વ અને પરને જાણવાની ક્રિયા થાય છે તે સમાધિ છે.

ધર્મીને સ્વ-પરપ્રકાશક જ્ઞાન ખીલ્યું છે તે સમાધિ છે. બનારસીદાસજીએ આ વાત કેટલું જોર આપીને કહી છે કે સમકિતી ચાલે છતાં સ્થિર છે, બોલે છતાં મૌન છે, સમકિતી તો જે કાંઈ ક્રિયા થાય છે તેને જ્ઞાતા તરીકે માત્ર જાણે છે. યોગોની ક્રિયા અને કંપન પણ છૂટતા જાય છે. જ્ઞાન-આનંદ સ્વરૂપના અનુભવમાં ક્રિયાનો સ્પર્શ નથી માટે તે સ્થિર છે એમ કહેવાય છે. જ્ઞાની સ્વના-ચૈતન્યના આસનમાં સ્થિર થયાં છે માટે યોગની ક્રિયાકાળે પણ સ્થિર છે.

અહા! પોતાના પરમાત્મસ્વરૂપનો સ્પર્શ થયો ત્યાં રાગનો અને કંપનનો સ્પર્શ ધર્મીને છે જ નહિ. મિથ્યાત્વ ગયું અને સમ્યક્ત્વ થયું પછી અવ્રત, કષાય, પ્રમાદ યોગના પરિણામ છે પણ તેને ધર્મી પોતાનું સ્વરૂપ માનતાં નથી તેથી બોલે કોણ અને ચાલે કોણ? પોતાને સ્વ-પરપ્રકાશક જ્ઞાન પ્રગટ થયું છે તેમાં આ બોલવા ચાલવાની ક્રિયા જણાય છે.

ચૈતન્ય ભગવાન અનંત અનંત સ્વચ્છતા અને શાંતિ સ્વરૂપ છે. આવા સ્વરૂપનો જ્યાં સ્પર્શ થયો, વેદન થયું, નિર્વિકલ્પ સ્વસંવેદન જ્ઞાન અને શ્રદ્ધા થયાં ત્યાં હવે જ્ઞાનીને જે કાંઈ ક્રિયા સંયોગમાં વર્તે છે તે પરપણે જણાય છે માટે કહ્યું કે બોલે છતાં અબોલ છે અને ચાલે છતાં સ્થિર છે. આવી ''ચિન્મૂરત્ત દૃગધારીકી મોહે રીતિ લગત હૈ અટાપટી.'' ઇન્દ્રાણીના સંગમાં રહેવા છતાં પરપરિણતિની હટાહટી છે. અતીન્દ્રિય આનંદ અને જ્ઞાનની જાગૃતિ પાસે બધી ક્રિયાથી ભેદજ્ઞાન વર્તે છે.

બનારસીદાસની આવી વાત વાંચીને વિરોધ થયો હતો કે 'આ તો વ્યવહારના

ભૂકા ઉડાવે છે.' જેને ક્રિયા ઉપર જ ધર્મનો આધાર છે તેને એમ કહે કે તારા વ્રત અને તપ બધાં બંધના કારણ છે માટે તું ઝેરને પીએ છો....આકરું લાગે પણ શું થાય ! અંતરના આનંદના સ્વાદ પાસે બોલવા, ચાલવા આદિ કોઈ ક્રિયાનો પ્રેમ નથી, બધેથી રુચિ છૂટી ગઈ છે તેથી જ તો ધર્મીને સમાધિ કહી છે. ખરેખર વિકલ્પ છે તે કાંઈ સમાધિ નથી. ધર્મીને રાગનો સ્વીકાર નથી, વિકલ્પથી વિરક્તિ વર્તે છે અને સ્વભાવમાં વિકલ્પની નાસ્તિ છે. વળી પૂર્ણની પ્રતીતિ અને ભાન વર્તે છે તેથી વિકલ્પકાળે પણ ધર્મીને સમાધિ વર્તે છે એમ કહ્યું છે.

આ તો જેને અલ્પકાળમાં મુક્તિ પ્રાપ્ત થવાની છે તેની વાતો છે. જેને સંસારમાં રખડવાનું છે તેને આ વાત અંતરમાં બેસવી કઠણ પડે છે.

ભાવાર્થ :—સમ્યગ્જ્ઞાન પ્રગટ થતાં જ ગુણશ્રેણી નિર્જરા પ્રગટ થાય છે. જ્ઞાનીને કર્મની ધારા ટળતી જાય છે એવી એમની દશા હોય છે. જ્યાં સુધી પોતાના પુરુષાર્થની કમી છે ત્યાં સુધી ધર્મી સંયમ લેતાં નથી તોપણ કર્મનિર્જરા થાય છે. અવ્રતના પરિણામ છે પણ તેને ધર્મી પોતાના માનતાં નથી, પરપણે જાણે છે તેથી વિષય આદિ ભોગવતાં, ચાલતાં, બોલતાં છતાં પણ તેમને કર્મ ખરે છે.

આ વાંચી કોઈને પ્રશ્ન થાય કે ધર્મીને અશુભભાવમાં પણ નિર્જરા કહી છે તો શુભભાવમાં નિર્જરા કેમ ન થાય ?—અરે ભાઈ ! ધર્મીને કાંઈ અશુભભાવથી નિર્જરા થતી નથી. અંદર રાગથી રહિત એવો અનુભવ વર્તે છે તેના કારણે ધર્મીને નિર્જરા છે. અશુભ કે શુભભાવથી નિર્જરા થતી નથી. અતીન્દ્રિય આનંદના સ્વાદ આગળ રાગનો સ્વાદ ઝેર જેવો લાગે છે તેથી અશુદ્ધતા ટળે છે અને કર્મ ગળે છે.

પરિણામમાં રાગ થવાં છતાં મારા અસ્તિત્વમાં રાગ આવ્યો છે એમ ધર્મી માનતાં નથી. મારામાં તો મારું સ્વ-પરપ્રકાશક જ્ઞાન આવ્યું છે, રાગ આવ્યો નથી એમ માને છે. તેથી સમાધિ, યોગ, આસન અને મૌનનું જે પરિણામ છે તે જ પરિણામ જ્ઞાનીને વિષય-ભોગ, હાલ-ચાલ અને બોલ-ચાલ થવા છતાં મળે છે. સમ્યક્ત્વનો આવો જ અટપટો મહિમા છે. આસ્રવ આવે છતાં તેની હટાહટી થાય છે. હું દ્રવ્યે અબદ્ધ છું, ગુણે અબદ્ધ છું અને પર્યાયે પણ અબદ્ધસ્વરૂપ છું, મુક્તસ્વરૂપ છું એમ માનતાં જ્ઞાની રાગ સાથેના જોડાણને પોતાનું કેમ માને ?

સમ્યગ્દૃષ્ટિની દૃષ્ટિ મુક્તસ્વરૂપ ઉપર હોવાથી તે મુક્ત છે માટે જગત સાથે સમકિતીની મીંઢવણી થઈ શકે તેમ નથી. (ક્રમશઃ)

*

# પ્રશમમૂર્તિ પૂજ્ય બહેનશ્રીની ગુરુભક્તિપૂર્ણ આધ્યાત્મિક તત્ત્વચર્ચા

❀ **પ્રશ્ન :—** *તીર્થંકરની સભામાં લાખો-કરોડો જીવ હોય પણ તેમાં તીર્થંકરનો જીવ તો કોઈક જ હોય ને ?*

**સમાધાન :—** સમવસરણ–સભામાં તીર્થંકરનો જીવ તો કોઈક હોય, બધા શ્રોતા તીર્થંકરનો જીવ થોડા હોય ? હંમેશાં તીર્થંકર ભગવાન તો અમુક જ થાય. શ્રોતા ઘણા હોય, પણ તેમાં તીર્થંકર થનારા કોઈ કોઈ હોય. તીર્થંકરનો જીવ અણમૂલું દ્રવ્ય છે. તેઓ માર્ગ પ્રકાશનારા છે. તેમની વાણી દ્વારા લાખો-કરોડો જીવો માર્ગ પામે છે. જગતમાં સર્વોત્કૃષ્ટ હોય તો તીર્થંકર ભગવાન જ છે. એવા સર્વોત્કૃષ્ટ જીવ કોઈક જ હોય ને ? ઇન્દ્ર પણ દેવલોક છોડીને ભગવાનના ચરણમાં આવે છે અને મહિમા કરે છે કે અમને પુણ્યની મહિમા નથી, તમારી મહિમા છે. ભગવાન તો પુણ્ય અને પવિત્રતા–બંનેમાં સર્વોત્કૃષ્ટ છે. તેમની આગળ બધું ઝાંખું છે. આખા લોકની અંદર સર્વોત્કૃષ્ટ હોય તો તીર્થંકર ભગવાન છે, માટે એવા દ્રવ્ય થોડા હોય છે. તેમની વાણી એવી હોય છે કે તે સાંભળતાં કેટલાય જીવો માર્ગ પામી જાય. તેમના અતિશયો જુદા હોય છે, તેમના દર્શનમાત્રથી જીવોના ભાવ પલટાઈ જાય છે.

ગૌતમસ્વામીએ માનસ્તંભ દેખ્યો ત્યાં તેમનું માન ગળી ગયું. ભગવાનની અતિશયતા ચારે બાજુ પથરાયેલી હોય છે. માન ગળ્યું તેમાં માનસ્તંભ કારણ નથી, ભગવાન કારણ છે. ભગવાનનો અતિશય ચારે બાજુ હોય છે. આ માનસ્તંભ આવો છે તો ભગવાન કેવા હશે ! એમ આશ્ચર્ય થતાં જ ત્યાં ને ત્યાં માન ગળી ગયું ને બધા આગ્રહો છૂટી ગયા. પ્રથમ અંદરમાં એટલા આગ્રહ હતા કે મારા જેવું કોઈ નથી, હું તો સર્વજ્ઞ છું–એટલું અંદર અભિમાન હતું પણ માનસ્તંભ દેખીને એકદમ માન ગળી ગયું ને ત્યાંથી પાત્રતા શરૂ થઈ ગઈ. ભગવાનના અતિશય કોઈ જુદા જ હોય છે. તેમની વાણી આદિ બધું જુદું હોય છે અને તે જીવોને સહેજે પલટવાનું કારણ બને છે. જો ઉપાદાન્ તૈયાર હોય તો પરિણતિનો સહેજે પલટો થઈ જાય છે. ગૌતમસ્વામી સમવસરણમાં આગળ જાય છે ત્યાં સમ્યગ્દર્શન, મુનિદશા, બધી લબ્ધિઓ અને અવધિ–મન:પર્યયજ્ઞાન પ્રગટે છે. એકદમ અંદરમાં પલટો થઈ જાય છે અને ભગવાનની વાણી છૂટે છે. અંદર પાત્રતાની તૈયારી હોય તો ભગવાન અતિશય પ્રબળ નિમિત્ત બનેછે.

મહાભાગ્યે ગુરુદેવ ભરતક્ષેત્રમાં જન્મ્યા. અત્યારે તેમના જેવો નમૂનો કોઈ

દેખવામાં આવતો નથી. તેમની વાણી આદિ બધું જુદું હતું. એમના દર્શનમાત્રથી જીવો ઊછળી જતા હતા, અને આ જુદા પુરુષ છે એવું થઈ જતું હતું.

❀ **પ્રશ્ન :—** *રાગમાં સહજ એકાકાર થઈ જવાય છે તેનાથી જુદો પડવાનો અભ્યાસ કેવી રીતે કરવો જોઈએ તે સમજાવવા કૃપા કરશોજી.*

**સમાધાન :—** રાગમાં એકત્વબુદ્ધિ છે તે જ ક્ષણે તેને વિચાર આવવો જોઈએ કે આ રાગ તે હું નથી, હું તો જાણનારો છું. રાગ કાંઈ મારું સ્વરૂપ નથી. જે રાગ–વિભાવભાવો છે તે આકુળતારૂપ છે, તેમાં કાંઈ શાંતિ દેખાતી નથી, આકુળતાથી જુદો રહેનારો જે શાંતસ્વરૂપ છે, તેમાં રાગની આકુળતા નથી.

એવી જ રીતે ખાતાં, પીતાં કે ગમે તે કાર્યો વખતે તેને વિચાર આવવો જોઈએ કે આ શરીર જુદું, આ ખાવું જુદું, આ આહાર જુદો ને આ પેટ જુદું છે તે વખતે આ વસ્તુ સારી છે ને આ વસ્તુ ખરાબ છે તેવો રાગ આવે છે તે બધી કલ્પના છે. તે તો પુદ્‌ગલના પર્યાયો છે અને તેમાં રાગ આવે છે તે રાગથી પણ હું જુદો જાણનારો છું.

આ ખોરાક પડે તે પેટમાં પડે છે, મારા જ્ઞાયકમાં તે પડતો નથી, હું જાણનારો તેનાથી જુદો છું તેમ વારંવાર વિચાર કરે. અંતરમાં તેને તે જાતનું બેસવું જોઈએ કે રાગ આવે તે કાંઈ મારું સ્વરૂપ નથી. પોતાની મંદતાને લઈને રાગ આવે છે છતાં વિભાવની પરિણતિથી હું છૂટો છું. હું સિદ્ધભગવાન જેવો આત્મા છું. ખરેખર વિભાવ એ વસ્તુનું મૂળ સ્વરૂપ હોય નહિ અને જે સ્વરૂપ હોય તે વિભાવરૂપે ન હોય, વિભાવ તો દુ:ખદાયક છે ને હું તો નિર્મળ સ્વભાવ છું, હું તો જુદો છું. આમ અનેક રીતેવિચારે.

રાગ આવે તે ક્ષણે જ હું જુદો છું, વીતરાગ સ્વભાવ છું. રાગની આકુળતા તે મારું સ્વરૂપ નથી. હું તો શાંત સ્વરૂપ છું, વીતરાગ સ્વરૂપે છું. હું જાણનારો જ્ઞાયક છું. આ રાગની વિકૃતિ તે મારું સ્વરૂપ જ નથી.

મુમુક્ષુ:—રાગથી ભેદ પાડવામાં મુશ્કેલી તો દેખાય છે. રાગ વખતે રાગથી નિરાળો જાણનારો તે હું છું એ અઘરું તો પડે છે, છતાં આપના સમજાવ્યા પછી એટલો ખ્યાલ આવે છે કે સવિકલ્પદશામાં હજુ ઘણું કરવાનું રહી જાય છે.

બહેનશ્રી:—જેને સહજ હોય તેને વિચાર કરવો પડતો નથી. આ તો જે અભ્યાસ કરે છે તેની વાત છે. કેવી રીતે કરવું તે ખરેખર તો પોતાને વિચારવાનું છે. ગુરુદેવે ઘણું સમજાવ્યું છે. છતાં આ રીતે અભ્યાસ કરે તો વિકલ્પથી છૂટો પડવાનો પ્રસંગ આવે છે.

નક્કી કર્યું હોય કે શરીર તો જડ છે, હું જુદો છું; પણ શરીરમાં કાંઈક રોગ આવે કે ખાવા-પીવાની ક્રિયા થતી હોય તે વખતે હું જુદો છું, અને આ જડ છે તેવું ભાસન ક્યાં થાય છે ? તેની પરિણતિ તો એકત્વ કરી રહી છે. રાગની પરિણતિ થાય તેનાથી હું જુદો છું એવું તેને પ્રયત્નમાં આવવું જોઈએ. તો તેને વિકલ્પ છૂટવાનો પ્રસંગ આવે. તે આકુળતા ન કરે પણ શાંતિ રાખે કે હું જુદો તે જુદો જ છું. આ વિકલ્પ ક્યારે તૂટે ? વિકલ્પ ક્યારે તૂટે ? એમ વિકલ્પની પાછળ આકુળતા ન કરતાં છૂટા પડવાનો પુરુષાર્થ કરવો.

હું જુદો છું અને જુદા થવું એ જ મુક્તિનો માર્ગ છે. જુદા પડવાનો પ્રયાસ-અભ્યાસ કરવો જોઈએ. તેની મૂંઝવણ, આકુળતા કે ઉતાવળ કરવાથી પણ વિકલ્પ તૂટતો નથી.

મુમુક્ષુ:—સવિકલ્પદશામાં પણ ભેદજ્ઞાનનો અભ્યાસ કરવાથી પરિણતિ સહેજે છૂટી પડી જાય તે સમજાતું નહોતું. આપે આજે ઘણો સારો ખુલાસો કર્યો.

બહેનશ્રી:—ઘણીવાર કહેવાય છે કે ભેદજ્ઞાનનો અભ્યાસ કર, પરિણતિ અંદરથી પલટાવ. તું અભ્યાસ કર કેમકે જીવે અનંતકાળમાં ઘણાં વિકલ્પાત્મક ધ્યાન કર્યાં છે. અશુભ છૂટીને શુભ વિકલ્પ એવા મંદ થઈ જાય કે તેને એમ લાગે કે વિકલ્પ જ નથી. પરંતુ ભેદજ્ઞાનના અભ્યાસ વગર એકદમ નિર્વિકલ્પ થવું મુશ્કેલ પડે છે. બહારથી ગમે તેટલાં ધ્યાન કરે, તો પણ વિકલ્પ તૂટતો નથી. એકત્વબુદ્ધિ હોય અને ઉપર-ઉપરથી ધ્યાન કરે તો એકત્વ એમ ને એમ ઊભું રહે અને વિકલ્પ મંદ પડે એટલે મને શાંતિ મળી એમ થાય; પણ એ તો મંદ કષાય છે. પણ વિકલ્પ પકડવાની સૂક્ષ્મતા ન હોય તેને આવું થઈ જાય. પણ જો ભેદજ્ઞાનનો અભ્યાસ કરે કે હું જ્ઞાયક છું, આ બધું મારાથી જુદું છે તો તેને સાચું આવવાનો પ્રસંગ બને છે. નહિ તો ભૂલ થઈ જાય, અર્થાત્ ભ્રમણા થઈ જાય છે.

❀ **પ્રશ્ન :—** *જીવ બહારનું કામ ગમે તેવું દુષ્કર હોય તો પણ કરવાની તૈયારી બતાવે છે. પરંતુ અહીં પૂજ્ય ગુરુદેવ અને આપ ઘણું બતાવો છો તો પણ કરતો નથી.*

**સમાધાન :—** ગુરુ કહે છે કે આ રસ્તે જા....આ દિશા છે ત્યાં જા. તેઓ રસ્તો બતાવે, પણ કાંઈ ચલાવી ન દે. ગુરુદેવે પીંખી પીંખીને બધું બતાવ્યું છે. જેમ નાના બાળકને બતાવે તે રીતે બતાવ્યું છે.

વિભાવ–શુભભાવ વચ્ચે આવે તેમાં રોકાઈશ નહિ, અંદર સાધકદશાની પર્યાયો પ્રગટે તેમાં પણ રોકાઈશ નહિ અને અનેક જાતના જ્ઞાનના ભેદો આવે તેમાં પણ

રોકાઈશ નહિ. આમ ગુરુદેવ અનેક રીતે સમજાવતા હતા. એક શાશ્વત દ્રવ્યને ગ્રહણ કરીને તે રસ્તે જવાથી તને શુદ્ધતાની પર્યાય પ્રગટ થશે—એમ કહીને માર્ગ દેખાડતા હતા. એકલા જ્ઞાયક દ્રવ્યને પકડજે, તો તને જ્ઞાયક ભગવાનમાં જે ભર્યું છે તે બધું મળશે. તેમાં બધી નિધિ ભરી છે તે મળશે. એમ પીંખી પીંખીને બતાવતા હતા, પણ ચાલવાનું પોતાને છે. ગુરુદેવે બધું બતાવી દીધું, પણ ચાલે કોણ ? ગુરુ રસ્તો બતાવે, મોઢામાં કોળિયો મૂકે પણ પોતાની જીભ ચલાવી ગળે ઉતારવાનું પોતાને રહે છે. અર્થાત્ પોતાને પુરુષાર્થ કરવાનો રહે છે.

આવું દેખાડનાર આ પંચમકાળમાં કોણ મળે ? દુનિયામાં બધા જીવો ક્યાંક ને ક્યાંક અટકેલા હોય છે. કોઈક આટલું વાંચે ને ભક્તિ–ત્યાગ–ક્રિયા કરે એટલે ધર્મ થઈ ગયો, વળી કોઈક ધ્યાન કરે અને અજવાળાં દેખાય, કે ભગવાન દેખાય એટલે ધર્મ થઈ ગયો એમ માને છે. આમ ક્યાંક ને ક્યાંક ભ્રમણામાં ભૂલા પડ્યા છે.

ગુરુદેવે બધું સમજાવ્યું છે એટલે કોઈ મુમુક્ષુને ભ્રમણા થવાનો અવકાશ નથી. માત્ર ચાલવાનું જ બાકી છે, એટલું બધું ગુરુદેવે બતાવ્યું છે. બધા ઉપરથી દૃષ્ટિ ઉઠાવી એક ચૈતન્ય ઉપર દૃષ્ટિ કર, ભેદજ્ઞાન પ્રગટ કર. સ્વાનુભૂતિ પ્રગટ કરી તેમાં જ તૃપ્તિ પામ તો તેમાંથી જ આનંદનો સાગર ઊછળશે. શાંતિનો સાગર, જ્ઞાનનો સાગર તેમાં ભર્યો છે અને તેમાંથી જ શાંતિ-જ્ઞાન ઊછળશે. તેમાં જ વારંવાર દૃષ્ટિ, જ્ઞાન અને લીનતા કરવાથી તેમાંથી જ પૂર્ણતાની પ્રાપ્તિ થશે. *

## વૈરાગ્ય સમાચાર :—

બોટાદનિવાસી શ્રીમતિ લલિતાબહેન વીરચંદભાઈ પંચાલી (વર્ષ-૮૪) તા. ૧૩-૫-૨૦૦૦ના રોજ બોટાદ મુકામે સ્વર્ગવાસ પામ્યા છે. તેઓએ ઘણા વરસો સોનગઢ સ્થાયી રહીને તત્ત્વનો ઘણો જ લાભ લીધો હતો.

કાનાતળાવનિવાસી શ્રી ભીમજીભાઈ રામજીભાઈ શીંગાળા (વર્ષ-૭૩) તા. ૧૧-૫-૨૦૦૦ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે. તેઓ બધા જ ધાર્મિક મહોત્સવ પ્રસંગે સોનગઢ આવીને તત્ત્વાભ્યાસનો લાભ લેતા હતા.

અમદાવાદનિવાસી શ્રી રમણિકલાલ ત્રિભોવનદાસ શાહ (વર્ષ-૮૮ લગભગ) (–૧૯૭૫ થી ૧૯૭૮માં બેંક ઓફ ઈન્ડિયાના સોનગઢ બ્રાન્ચના બેંક મેનેજર શ્રી પ્રવિણભાઈના પિતાશ્રી) તા. ૧૯-૫-૨૦૦૦ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે. તેઓએ પૂજ્ય ગુરુદેવશ્રીનો સોનગઢ સ્થાયી રહીને ૫ વર્ષ સતત લાભ લીધા બાદ તેમને તત્ત્વની ઘણી રુચિ થઈ ગઈ હતી.

*

[તા. ૭-૬-૨૦૦૦]

# સુવર્ણપુરી સમાચાર

—તંત્રી

અધ્યાત્મતીર્થક્ષેત્ર શ્રી સુવર્ણપુરીનું ધાર્મિક વાતાવરણ, અનંત-ઉપકારમૂર્તિ પરમ પૂજ્ય ગુરુદેવ શ્રી કાનજીસ્વામી તેમ જ તેમના પરમ ભક્ત પ્રશમમૂર્તિ પૂજ્ય બહેનશ્રી ચંપાબહેનના કલ્યાણવર્ષી પુણ્ય-પ્રતાપે, આદરણીય પં. શ્રી હિંમતલાલભાઈ જે. શાહના જ્ઞાન-વૈરાગ્ય ભક્તિભીના મધુર તત્ત્વાવધાનમાં, અધ્યાત્મજ્ઞાનના પાવન ગુંજારવથી સદાય પ્રફુલ્લિત રહે છે, તેમ જ નીચે પ્રમાણે ધાર્મિક કાર્યક્રમ પ્રતિદિન નિયમિત ચાલી રહ્યો છે :—

| | |
|---|---|
| પ્રાતઃ | : પૂજ્ય બહેનશ્રીના નિવાસસ્થાને તેઓશ્રીની ધર્મચર્ચાની ઓડિયો-ટેપ |
| પ્રાતઃ | : જિનેન્દ્ર-દર્શન-પૂજા |
| સવારે ૮-૩૦ થી ૯-૩૦ | : શ્રી સમયસાર ઉપર (૧૯મી વખતના) પૂ.ગુરુદેવશ્રીનું ટેપ-પ્રવચન |
| બપોરે ૩-૩૦ થી ૪-૩૦ | : શ્રી પ્રવચનસાર ઉપર શાસ્ત્રવાંચન |
| બપોરે પ્રવચન પહેલાં | : પરમ પૂજ્ય ગુરુદેવશ્રી પ્રત્યે ઉપકૃતભાવભીની સ્તુતિ |
| બપોરે પ્રવચન પછી | : પૂજ્ય બહેનશ્રીના ચિત્રપટ સમક્ષ સ્તુતિ |
| બપોરે ૪-૪૫ થી ૫-૧૫ | : જિનેન્દ્રભક્તિ |
| સાંજે ૮-૦૦ થી ૯-૦૦ | : 'શ્રી સમયસાર-કળશટીકા' ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીનું ટેપ-પ્રવચન |

❀ "તું પરમાત્મા છો એમ નક્કી કર ! તું પરમાત્મા છો એમ નક્કી કર !" એવો, ગુરુવાણીનો જે ગુંજારવ લાખો મુમુક્ષુહૃદયોમાં સદાય ગુંજતો રહે છે તે પરમ અધ્યાત્મ-મંત્રદાતા કે જેઓશ્રીને એવી તો શ્રુતની લબ્ધિ હતી કે જેમ સર્વજ્ઞના જ્ઞાન અનુસારે જ દિવ્યધ્વનિ છૂટે તેમ તેઓશ્રીના અંતઃકરણમાં તત્ત્વસંબંધી જે ભાવો ઘોળાતા હોય તે અનુસારે ભાષા નીકળતી અને પાત્ર શ્રોતા પણ અત્યંત સરળપણે ને સહજરૂપે તે ભાષા વડે તે ભાવને પામી જતાં--એવા ભવોદધિતારણહાર વ્હાલાધર્મપિતા કૃપાળુ પૂજ્ય ગુરુદેવશ્રીની ૧૧૧મી પાવન જન્મજયંતીનો મહોત્સવ તા. ૧-૫-૨૦૦૦ થી તા. ૫-૫-૨૦૦૦ સુધી સુવર્ણપુરીમાં શ્રી કમળાબેન ચીમનલાલ દોશી-પરિવાર (હસ્તે શ્રી જયાબેન જયંતીભાઈ દોશી) દ્વારા ૩૦૦૦થી અધિક ગુરુભક્તોની ઉપસ્થિતિમાં અત્યંત આનંદોલ્લાસપૂર્વક ઉજવાયો હતો.

આ મંગલ જન્મોત્સવમાં પ્રતિદિન ક્રમશઃ પ્રાતઃ પૂજ્ય બહેનશ્રીની સ્વાનુભવરસભીની ઓડીયો તત્ત્વચર્ચા, શ્રી પરમાગમમંદિરમાં શ્રી પંચપરમેષ્ઠિવિધાનમંડલ પૂજા, સુશોભિત મનોહર મંડપમાં પૂજ્ય ગુરુદેવશ્રીનાં શ્રી સમયસારના પુણ્ય-પાપ અધિકાર ઉપર ટેપપ્રવચન, આદરણીય પંડિતરત્ન શ્રી હિમ્મતભાઈ સાથે સમૂહગુરુભક્તિ, ધાર્મિક શિક્ષણ શિબિર, બપોરે સમાગત વિદ્વાનો દ્વારા 'ગુરુદેવશ્રીનાં વચનામૃત', શ્રી સમયસાર આદિ ઉપર શાસ્ત્રપ્રવચન પરમાગમમંદિરમાં જિનેન્દ્રભક્તિ, ધાર્મિક

શિક્ષણવર્ગ, સાંજે મંડપમાં ગુરુભક્તિ, પૂજ્ય ગુરુદેવશ્રીનાં 'શ્રી છ-ઢાળા શાસ્ત્ર' ઉપર ટેપ-પ્રવચન, સાંજી અથવા તીર્થયાત્રાની વિડિયો દ્વારા ગુરુદર્શન, પૂજ્ય બહેનશ્રીની વિડિયો ધર્મચર્ચા અને સાંસ્કૃતિક કાર્યક્રમ—એ રીતે નિયમિત ધાર્મિક કાર્યક્રમ ચાલતો હતો.

મંગલ ગુરુજન્મોત્સવના આનંદોપલક્ષમાં તા.૪-૫-૨૦૦૦ ના રોજ સવારે ધાતકીખંડ-વિદેહના ભાવિ-તીર્થંકરના ભવ્ય રથોત્સવનું આયોજન કરવામાં આવ્યું હતું. સ્વર્ણરજતનિર્મિત ત્રિપીઠિકાયુક્ત મનોહર ગંધકૂટી પર સછત્ર સિંહાસન પર બિરાજમાન આપણા ભાવિ ભગવાનનો 'સમવસરણ વિહાર' બધા ભક્તોને અત્યંત આનંદદાયી અનુભૂત થતો હતો. આ ભવ્ય રથોત્સવમાં વિવિધ ભવ્ય શણગાર સહિત કહાન-કુંવરના પારણા ઝૂલનનો એક મનોહર ફ્લોટ બધાનું ગુરુમહિમાયુક્તચિત્ત પોતાના તરફ કેન્દ્રિત કરતું હતું. આ ભવ્ય રથયાત્રાના દર્શન માટે સોનગઢની જનતા પણ જગ્યાએ જગ્યાએ એકત્રિત થઈ હતી. ઘાટકોપર, વઢવાણ તથા મલાડ—ત્રણેય ભજનમંડળીએ રથોત્સવમાં ગુરુભક્તિનું આનંદમય વાતાવરણ બનાવી દીધું હતું. રાત્રે બાલિકાઓએ સાંસ્કૃતિક કાર્યક્રમ રજૂ કર્યો હતો.

ગુરુજન્મોત્સવના આ મંગળ અવસરે સર્વશ્રી વ્રજલાલભાઈ શાહ, હિંમતભાઈ ડગલી (વિંછીયા), સુભાષભાઈ શેઠ, નિરંજનભાઈ ડેલીવાળા (સૂરત), રમેશભાઈ શાહ (સલાલ) એ ગુરુભક્તિભીના હૃદયે સુંદર શાસ્ત્રપ્રવચન કર્યા હતા. આયોજિત ત્રણ દિવસીય શિક્ષણ શિબિરમાં શ્રી સુભાષભાઈ શેઠે સુંદર શૈલીથી શિક્ષણ આપ્યું હતું.

ગુરુજન્મજયંતીના મંગલ દિવસે ગુરુજન્મોત્સવના પ્રતીકરૂપ થર્મોકોલનિર્મિત પૂજ્ય ગુરુદેવશ્રીના ૧૧૧ રમણીય ચિત્રપટોથી વિભૂષિત પ્રવચનમંચ ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીના વિશાળ મનોહર સ્ટેચ્યુ સમક્ષ ક્રમશઃ સવારે દર્શન તેમ જ સદ્ગુરુસ્તુતિ, પરમ પૂજ્ય ગુરુદેવશ્રી અને પૂજ્ય બહેનશ્રીનું વિડિયો દ્વારા માંગલિક, પંચપરમેષ્ઠિમંડલવિધાનપૂજા સમાપન, પૂજ્ય ગુરુદેવશ્રીનું ટેપપ્રવચન અને ત્યારબાદ—

ટ્રસ્ટ દ્વારા નવપ્રકાશિત પૂજ્ય બહેનશ્રીની તત્ત્વચર્ચાઓના સંગ્રહરૂપ સી.ડી.નું, આદરણીય પંડિતરત્ન શ્રી હિમ્મતભાઈ શાહની શ્રુતભક્તિભીની ઉપસ્થિતિમાં, ટ્રસ્ટીઓના શુભહસ્તે વિમોચન, પૂજ્ય બહેનશ્રી દ્વારા પૂર્વમાં કરેલી જન્મ-વધાઈની વિડિયો, ત્યારબાદ આદરણીય પંડિતજી, જન્મોત્સવના આયોજક દોશી-પરિવાર તથા મુમુક્ષુસમાજ દ્વારા મસ્તક પર ઘડિયાળયુક્ત શ્રી સ્વાધ્યાયમંદિરની પ્રતિકૃતિ લઈને પૂજ્ય ગુરુદેવશ્રીના સ્ટેચ્યુ સમક્ષ ગુરુ-જન્મવધાઈ; બપોરે શાસ્ત્રપ્રવચન, જિનેન્દ્ર-ભક્તિ-ગુરુભક્તિ, શિક્ષણવર્ગ, સાંજે જિનેન્દ્ર-આરતી, ગુરુભક્તિ તથા પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન, પૂજ્ય બહેનશ્રીની વિડિયો-ધર્મચર્ચા અને તીર્થયાત્રાની વિડિયો—એ રીતે વૈશાખ સુદ બીજનો ઉત્સાહપૂર્ણ કાર્યક્રમ રહ્યો હતો.

આ માંગલિક મહોત્સવ નિમિત્તે ૬૭ મહાનુભાવો તરફથી કાયમી મંડલવિધાનપૂજા તથા ૪ મહાનુભાવો તરફથી પ્રાસંગિક મંડલવિધાનપૂજા રાખવામાં આવી હતી.

મંગલ ગુરુજન્મોત્સવના અવસર પર પાંચ દિવસ સમાગત મહેમાનોને માટે બંને ટાઈમનું તેમ જ સ્થાનિક મુમુક્ષુસમાજ માટે સવારનું 'સ્વામીવાત્સલ્ય ભોજન' જન્મોત્સવના આયોજક દોશી પરિવાર ઉપરાંત કાયમી જમણના ૭ મહાનુભાવો તરફથી રાખવામાં આવ્યું હતું.

ધાર્મિક સાહિત્યમાં ૫૦% ડિસ્કાઉન્ટ ૩ મહાનુભાવો તરફથી રાખવામાં આવ્યું હતું.

ગુરુજન્મોત્સવના આ મંગલ અવસર પર સંસ્થાને જુદા જુદા ખાતાઓમાં કુલ રૂા. ૬૦૪૩૨૨=૫૦ની દાનરાશી નીચે પ્રમાણે પ્રાપ્ત થઈ હતી—

| | |
|---|---|
| પ્રાસંગિક મંડલવિધાન | ૪૦૦૪=૦૦ |
| ૧૧૧×૧૨૮૬ | ૧,૪૨,૭૪૬=૦૦ |
| રથયાત્રાની બોલી | ૧,૪૮,૬૯૦=૦૦ |
| રૂા. '૫૦૧'ની વધાઈના ૫૦૧×૪૬૪ | ૨,૩૨,૪૬૪=૦૦ |
| રૂા. '૧૦૦૧'ની વધાઈના ૧૦૦૧×૧૪ | ૧૪૦૧૪=૦૦ |
| આરતી | ૨૨૭૭=૫૦ |
| રથયાત્રા-પારણાઝુલન તથા જન્મવધાઈ-સ્ટેજ | ૬૦૨૦૭=૦૦ |
| | ૬,૦૪,૩૨૨=૫૦ |

★ પ્રશમમૂર્તિ સ્વાનુભવવિભૂષિત પૂજ્ય બહેનશ્રી ચંપાબહેનની દસમી સાંવત્સરિક સમાધિતિથિ તા. ૧૭-૫-૦૦ થી તા. ૨૧-૫-૦૦ (વૈશાખ વદ–૩)—પાંચ દિવસ ધાર્મિક કાર્યક્રમના રૂપમાં, તેઓશ્રીના જ્ઞાન-વૈરાગ્યસ્વરૂપ સાધના તેમ જ ઉપકારોના સ્મરણપૂર્વક વિરહવેદનાના ઉદાસીન વાતાવરણમાં સાદગીથી સંપન્ન થઈ. બહારગામના મુમુક્ષુમહેમાનોની ઉપસ્થિતિના કારણે આ પ્રસંગે આયોજિત શ્રી સિદ્ધમેષ્ઠિમંડલવિધાનપૂજાના સમયે શ્રી સીમંધરસ્વામી જિનમંદિર પૂરું ભરાઈ જતું હતું. સવાર-સાંજ પૂજ્ય ગુરુદેવશ્રીના ટેપપ્રવચન ઉપરાંત બપોરે પાંચે દિવસ 'બહેનશ્રીની સાધના અને વાણી' ઉપર શાસ્ત્રવાંચન થયા હતા. તે વખતે બહેનશ્રી દ્વારા લઘુવયમાં કરવામાં આવેલી સાધના, વજ્રોપમ સમ્યક્ પુરુષાર્થ તેમ જ ભવાબ્ધિતારિણી 'અનુભવીની અમૃતવાણી' વગેરે સાંભળતાં, તેમ જ ઉપકારસ્મરણથી ભક્તોના હૃદય વિરહવેદનાથી દ્રવિત થઈ જતા હતા. સમાધિતિથિ (વૈશાખ વદ-૩)ના રોજ શ્રી સિદ્ધમેષ્ઠિમંડલવિધાનપૂજાના સમાપન, પૂજ્ય ગુરુદેવશ્રીનું ટેપપ્રવચન, આદર્શ આત્માર્થી પંડિતરત્ન આદરણીય શ્રી હિંમતભાઈ જે. શાહ દ્વારા શ્રદ્ધાંજલિની ટેપ તથા વિરહવેદનાભીની સમૂહભક્તિ અને ત્યારબાદ પૂજ્ય બહેનશ્રીના નિવાસસ્થાને સમૂહદર્શનનો કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો. તે સમયે પણ તેઓની ઉપકારસ્મૃતિ તીવ્રતાથી જાગી ઉઠતા અનેકના હૃદય અને નેત્ર અશ્રુભીના થઈ ગયા હતા.

**નન્દીશ્વર-અષ્ટાહ્નિકા પર્વ :—** આગામી અષાઢ સુદ ૮, શનિવાર તા. ૮-૭-૦૦ થી અષાઢ સુદ ૧૫, રવિવાર તા. ૧૬-૭-૦૦—નવ દિવસ સુધી અષ્ટાહ્નિકાપર્વ શ્રી પંચમેરુનન્દીશ્વરજિનાલયમાં પંચમેરુ-નન્દીશ્વર પૂજાવિધાન તેમ જ અધ્યાત્મતત્ત્વજ્ઞાનોપાસનાપૂર્વક સાનન્દ ઉજવવામાં આવશે.

**વીરશાસનજયન્તી :—** આગામી અષાઢ વદ ૧, સોમવાર, તા. ૧૭-૭-૦૦ના રોજ શ્રી વીરશાસનજયંતી શ્રી પરમાગમમન્દિરમાં પૂજાભક્તિના વિશેષ આયોજન સહ ઉજવવામાં આવશે.

**રક્ષાબંધન પર્વ :—** ઉપસર્ગવિજેતા શ્રી અકમ્પનાચાર્ય આદિ ૭૦૦ મુનિઓની રક્ષાનો વાર્ષિકપર્વ તા. ૧૫-૮-૦૦ ના રોજ છે. આ રક્ષાબંધનપર્વ પૂજાભક્તિ વિશેષ કાર્યક્રમપૂર્વક ઉજવાશે.

**પ્રૌઢ ધાર્મિક શિક્ષણવર્ગ :—** અધ્યાત્મવિદ્યાતીર્થ શ્રી સુવર્ણપુરીમાં પ્રશમમૂર્તિ પૂજ્ય બહેનશ્રી ચમ્પાબેનના ૮૭મા વર્ષના જન્મોત્સવના અવસર પર તા. ૬-૮-૦૦ બુધવારથી તા. ૨૮-૮-૦૦ સોમવાર—વીસ દિવસ સુધી પુરુષો માટે 'પ્રૌઢ ધાર્મિક શિક્ષણવર્ગ' ચાલશે. શિક્ષણાર્થીઓ માટે આવાસ-ભોજન-વ્યવસ્થા નિ:શુલ્ક રાખવામાં આવી છે.

## ૮૭મા વર્ષનો 'મંગલ-જન્મોત્સવ'

શ્રી ઘાટકોપર દિ. જૈન મુમુક્ષુમંડળના સૌજન્યથી પૂજ્ય ગુરુદેવશ્રીના ભક્તચૂડામણિ સ્વાનુભવવિભૂષિત ભગવતી પૂજ્ય બહેનશ્રી ચમ્પાબેનનો ૮૭મા વર્ષનો મંગલમય જન્મોત્સવ (શ્રાવણ વદ-૨) તા. ૧૩-૮-૦૦ રવિવારથી તા. ૧૭-૮-૦૦, ગુરુવાર—પાંચ દિવસ સુધી શ્રી રત્નત્રયમંડલ-વિધાનપૂજા ઇત્યાદિ કાર્યક્રમપૂર્વક સમ્પન્ન થશે. નિમંત્રણપત્રિકાની લેખનવિધિ સોનગઢમાં તા. ૬-૭-૦૦ રવિવારના રોજ રાખવામાં આવી છે.

## દશલક્ષણ-પર્યુષણના માટે પ્રવચનકાર

પૂજ્ય ગુરુદેવ શ્રી કાનજીસ્વામીના ભક્તગણ શ્રી દિગમ્બર જૈન મુમુક્ષુ મંડળોને, પૂજ્ય ગુરુદેવશ્રી દ્વારા પ્રરુપિત શુદ્ધાત્મપ્રમુખ અધ્યાત્મતત્ત્વજ્ઞાનનો પ્રવચનલાભ લેવા દશલક્ષણ-પર્યુષણપર્વમાં સોનગઢથી પ્રવચનકાર વિદ્વાન બોલાવવાની ભાવના હોય તેઓ પોતાના મુમુક્ષુ મંડળના અધ્યક્ષ તેમ જ મંત્રી દ્વારા લેખિત નિવેદનપત્રથી નીચેના એડ્રેસ પર જાણ કરે. સુવિધાનુસાર પ્રવચનકાર મોકલવામાં આવશે.

પ્રચાર વિભાગ,
**શ્રી દિ૦ જૈન સ્વાધ્યાયમન્દિર ટ્રસ્ટ,**
**સોનગઢ—૩૬૪૨૫૦ (સૌરાષ્ટ્ર)**
✆ : (02846) 44334

**✻ નવાવર્ષનું વાર્ષિક લવાજમ ✻**

જુલાઈ-૨૦૦૦ થી જૂન ૨૦૦૧ સુધીનું વાર્ષિક લવાજમ રૂ. ૯=૦૦ ''શ્રી દિ. જૈન સ્વાધ્યાય મંદિર ટ્રસ્ટ, સોનગઢ-૩૬૪૨૫૦'' ને મોકલી આપીને અથવા રૂ. ૧૦૧=૦૦ ભરીને આજીવનસભ્ય બની વ્યવસ્થામાં સહયોગ આપશોજી.

## * પૂજ્ય ગુરુદેવશ્રીનાં હૃદયોદ્‌ગાર *

* જેમ સર્વજ્ઞને લોકાલોક જ્ઞેય છે, લોકાલોકને સર્વજ્ઞ જાણે છે, તેમ સર્વજ્ઞ-સ્વભાવીને દૃષ્ટિમાં લીધો છે એવો સમ્યગ્દૃષ્ટિ સર્વજ્ઞની જેમ રાગને જાણે જ છે. સર્વજ્ઞને જાણવામાં લોકાલોક નિમિત્ત છે, તેમ સમ્યગ્દૃષ્ટિને જાણવામાં રાગ નિમિત્ત છે. સમ્યગ્દૃષ્ટિ રાગને કરતો જ નથી પણ લોકાલોકને જાણનાર સર્વજ્ઞની જેમ સમ્યગ્દૃષ્ટિ રાગને જાણે જ છે. આમ વસ્તુસ્થિતિ છે અને આમ જ અંદરથી બેસે છે, આમ જ અંદરથી આવે છે અને આમ જ વસ્તુની સ્થિતિ છે. આ વાત ત્રણ કાળ ત્રણલોકમાં ફરે તેમ નથી. બીજી રીતે બેસારવા જાય તો કોઈ રીતે વસ્તુ સિદ્ધ થઈ શકે તેમ નથી. આ તો અંદરથી જ આવેલી વસ્તુસ્થિતિ છે. શાસ્ત્ર ભલે અનેક રીતે કહે પણ વસ્તુ આમ જ છે ને આમ જ અંદરથી આવી છે. આ તો અનુભવથી નીવેડો છે. ! ૧૭૩.

* પ્રાપ્ય, વિકાર્ય ને નિર્વર્ત્ય એવું વ્યાપ્યલક્ષણવાળું પુદ્‌ગલદ્રવ્યના પરિણામસ્વરૂપ કર્મ એટલે કે ભક્તિ, પૂજા, દયા, દાન આદિના શુભ પરિણામો તેની આદિ-મધ્ય-અંતમાં પુદ્‌ગલદ્રવ્ય પોતે અંતર્વ્યાપક થઈને પરિણમે છે, ગ્રહણ કરે છે ને ઊપજે છે. આહાહા ! રાગાદિ પરિણામમાં પુદ્‌ગલદ્રવ્ય પોતે અંતર્વ્યાપક થઈને રાગરૂપે પરિણમે છે, રાગને ગ્રહણ કરે છે, રાગરૂપે ઊપજે છે. જીવ એ રાગની આદિ-મધ્ય-અંતમાં વ્યાપક થઈને પરિણમતો નથી, ગ્રહણ કરતો નથી કે રાગરૂપે ઊપજતો નથી. કેમ કે જીવ તો એકલો જ્ઞાયકભાવ સ્વરૂપ છે, એ જ્ઞાયકભાવ દયા-દાન-ભક્તિ આદિ રાગરૂપ એવા પુદ્‌ગલકર્મને કેમ કરે ? ભક્તિ-વિનય-વૈયાવ્રત આદિના ભાવની આદિ-મધ્ય-અંતમાં પુદ્‌ગલદ્રવ્ય વ્યાપક થઈને રાગને કરે છે. આહાહા ! ત્રણલોકનો નાથ ચૈતન્યસ્વભાવ એ રાગાદિ પરિણામને કરતો નથી. જ્ઞાયક પ્રભુ એ રાગાદિ પરિણામમાં વ્યાપતો નથી. ચારિત્રમોહની નબળાઈથી પણ જીવ રાગાદિભાવને કરતો નથી—એમ અહીં એકલા દ્રવ્યસ્વભાવને સિદ્ધ કરવો છે. અરે પ્રભુ ! ક્યાં તારી મહાનતા ને ક્યાં વિભાવની તુચ્છતા ? તુચ્છ એવા વિભાવભાવ તારાથી કેમ થાય ? તું તો જાણનસ્વભાવી છો. તારાથી વિકાર કેમ થાય ? આહાહા ! દ્રવ્યદૃષ્ટિના સમયસારના કથનો અલૌકિક છે. ૧૭૪.

*

# • આત્માનું ચિંતન કરો •

હમ હી મુક્તિસ્વરૂપ હૈ, હમ હી સિદ્ધસ્વભાવકે ધારી હૈ—ઈસ તરહ સાધકકો એક દ્રવ્યાર્થિકનયકી અપેક્ષા અપને આત્માકે સ્વરૂપકા મનન કરના ચાહિએ.

—*પરમાગમ ચિંતામણિ*

If undelivered please return to :—
Shri Dig. Jain Swadhyay Mandir Trust
SONGADH-364 250 (INDIA)

Licence No. 21 'Licensed to Post Without Prepayment'

પ્રકાશક : શ્રી ચીમનલાલ ઠાકરશી મોદી, મંત્રી-ટ્રસ્ટી
શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ
સોનગઢ—૩૬૪ ૨૫૦

મુદ્રક : કહાન મુદ્રણાલય, સોનગઢ

તંત્રી : હીરાલાલ ભીખાલાલ શાહ

માલિક : શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ
સોનગઢ—૩૬૪ ૨૫૦

સ્થળ : જૈન વિદ્યાર્થી ગૃહ કમ્પાઉન્ડ,
સોનગઢ—૩૬૪૨૫૦

સંપાદક : નાગરદાસ બેચરદાસ મોદી

આજીવન સભ્ય ફી : ૧૦૧/–
વિદેશ માટે (સી-મેઈલથી) રૂા. ૪૫૦/–
વાર્ષિક લવાજમ : રૂા. ૯/–
વિદેશ માટે (સી-મેઈલથી) રૂા. ૪૫/–
[વિદેશ માટે એર-મેઈલથી મંગાવવા માટે પોસ્ટેજના વાર્ષિક રૂા. ૨૦૪/– અલગ]